dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 268 | AD - 2026, Jeth Vad -05 | Saturday, Dt. 04-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત
## ધ સેમિકંડક્ટર હબ

સેમિકંડક્ટર ઉદ્યોગ બન્યાં
સાણંદની આગવી ઓળખ



## સેમિકંડક્ટર ક્ષેત્રે ગુજરાતે સર્જ્યો ઈતિહાસ



- સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે **₹1.24 લાખ કરોડ**નું રોકાણ આકર્ષિત કર્યું છે
- રાજ્યમાં **50,000**થી વધુ **પ્રત્યક્ષ** અને **પરોક્ષ** રોજગારીની તકો ઊભી થશે
- દેશમાં સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર પ્રથમ રાજ્ય બન્યું **ગુજરાત**
- **ધોલેરા SIR**માં 28 નેનોમીટરની ચિપ્સના ઉત્પાદનથી ભારતને નવી ઔદ્યોગિક ઓળખ મળશે
- ધોલેરા **'સેમિકંડક્ટર-રેડી'** સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત થશે
- IIT ગાંધીનગર ખાતે **₹194.21 કરોડ**ના ખર્ચે કાર્યરત **'SAMARTH'** પ્રોજેક્ટ હેઠળ આગામી **5 વર્ષમાં 2,600થી વધુ નિષ્ણાત એન્જિનિયરો** તૈયાર થશે

માનનીય વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે; સાણંદ હવે માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ નૂતન ભારતના **'સેમિકંડક્ટર સેક્ટર'**નો પર્યાય બનવા જઈ રહ્યું છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦: સાયબર ફ્રોડના ગુનામાં ૬ માસથી નાસતો ફરતો આરોપી ધાનેરાથી ઝડપાયો

અમરેલી,તા.૦૩

ગુજરાત સરકારના "ઓપરેશન મ્યુલ હન્ટ-૨.૦" અંતર્ગત અમરેલી પેરોલ ફર્લો સ્ક્વોર્ડે સાયબર ફ્રોડના ગુનામાં છેલ્લા છ મહિનાથી નાસતા ફરતા લિસ્ટેડ આરોપી શંકરભાઇ સોમાભાઇ ચૌધરી (પટેલ) (ઉ.વ. ૩૮, રહે. ભાજણા, બનાસકાંઠા)ને ધાનેરા ખાતેથી ઝડપી લીધો છે.આરોપીએ પોતાના નામે અલગ-અલગ બેંક એકાઉન્ટ્સ ખોલાવીને સાયબર માફિયાઓને ભાડે આપ્યા હતા. જેમાં ICICI બેંકના એકાઉન્ટ દ્વારા સાયબર છેતરપિંડીના નાણાકીય વ્યવહારો કરીને



તેણે આર્થિક લાભ મેળવ્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં સંડોવણી ખુલતા જ તે ફરાર થઈ ગયો હતો, જેથી તપાસ અધિકારીએ કોર્ટમાંથી તેનું વોરંટ પણ મેળવ્યું હતું.હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સના આધારે પેરોલ ટીમે રાત્રિ દરમિયાન ઓપરેશન હાથ ધર્યુ હતુ.

# અમરેલીના ગજેરા શૈક્ષણિક સંકુલમાં વિવિધ મહિલા કોલેજો વચ્ચે ખેલકૂદ સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૦૩

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત કે.પી. ધોળકીયા ઈનફોટેક મહિલા કોલેજ, બી.બી.એ. મહિલા કોલેજ તેમજ કાબરીયા આર્ટસ, વઘાસિયા કોમર્સ અને ભગત સાયન્સ મહિલા કોલેજના



સંયુક્ત ઉપક્રમે ખેલકૂદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે આ સ્પર્ધા યોજાઈ હતી. આ આયોજનમાં ૧૦૦ મીટરથી લઈને ૫૦૦૦ મીટર દોડ, રિલે દોડ, લાંબી કૂદ, ઊંચી કૂદ, ગોળા ફેંક અને ચક્ર ફેંક સહિતની વિવિધ રમતોનો સમાવેશ કરાયો હતો, જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લઈ પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા બુધવારે સર્વરોગ કેમ્પ યોજાશે

ચલાલા,તા.૦૩

ચલાલાના ધારી રોડ પર આવેલા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ખાતે આગામી ૦૮-૦૭-૨૦૨૬, બુધવારના રોજ યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ૨૯૨મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ કેમ્પનું આયોજન કરાયું છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ અને જિલ્લા અંધત્વ નિવારણ સમિતિના સહયોગથી યોજાનારા આ કેમ્પમાં ફેકો મશીન દ્વારા ઓપરેશન અને નેત્રમણી મૂકવાની સુવિધા, દાંતની સારવાર તેમજ શ્વાસ, ડાયાબિટીસ જેવા વિવિધ રોગોની નિઃશુલ્ક તપાસ અને દવાઓ અપાશે. અનિમેશભાઈના ૬૦માં જન્મદિવસ નિમિત્તે તન્ના પરિવારના આર્થિક સહયોગથી આયોજિત આ કેમ્પનો લાભ લેવા આવતા દર્દીઓએ પોતાના ઓળખપત્ર (આધારકાર્ડ)ની ૩ ઝેરોક્ષ નકલ સાથે લાવવાની રહેશે.

# લીલિયા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં NSS ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

લીલીયા,તા.૦૩

લીલિયા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. NSS પ્રોગ્રામ ઓફિસર ડો. વિરાજબેન રાઠોડે વિદ્યાર્થીઓને



NSSની સ્થાપના, "Not Me But You" સૂત્ર, ઉદ્દેશ્યો, પ્રતીકનું મહત્વ, ૧૨૦ કલાકની નિયમિત પ્રવૃત્તિઓ અને સાત દિવસીય વિશેષ શિબિર અંગે માહિતી આપી હતી. તેમણે વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, રક્તદાન, આરોગ્ય અને મતદાર જાગૃતિ, પર્યાવરણ સંરક્ષણ તેમજ ગ્રામ વિકાસ જેવી પ્રવૃત્તિઓમાં જોડાવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સમાજસેવાના કાર્યોમાં સક્રિય ભાગ લેવા ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

# અમરેલી જિલ્લા ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખની વરણી

રાજુલા,તા.૦૩



તસવીર : ગોપાલ રાઠોડ

અમરેલી જિલ્લા ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ તરીકે નિમણૂક થતા જયરાજભાઈ ધાખડાનું રાજુલામાં કાઠી સમાજ, બ્રહ્મસમાજ અને ભરવાડ સમાજના આગેવાનો દ્વારા ફૂલહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધીરજભાઈ પુરોહિત, કાનાભાઈ ભરવાડ, કનુભાઈ ધાખડા, રાજેન્દ્રભાઈ ધાખડા, વનરાજભાઈ ધાખડા, ભરતભાઈ જાની, ભગીરથભાઈ કોટીલા, રણજીતભાઈ કોટીલા સહિત આગેવાનોએ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

# વડેરા પ્રા.શાળાના વિદ્યાર્થીઓ માટે વેક્સિનેશન પ્રોગ્રામ યોજાયો

અમરેલી,તા.૦૩

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જોષી, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. એસ. બી. સતાણી તથા મોટા આંકડીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉ. મીત મોદીના માર્ગદર્શન હેઠળ એક વિશેષ આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત જનતા વિદ્યાલય વડેરા અને વડેરા પ્રાથમિક શાળામાં ધોરણ ૫ અને ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટીડી (ધનુર અને



ડિપ્થેરિયા) ની રસી આપવામાં આવી હતી. આ રસીકરણ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી આર.બી.એસ.કે. ટીમ અને વડેરા સ્થાનિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ સહિત બંને શાળાઓના શિક્ષકો અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો.

# બગસરામાં રવિવારે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન

બગસરા,તા.૦૩

બગસરા શહેરમાં ઠાકોરજીની અસીમ કૃપાથી આગામી રવિવારે, એટલે કે તારીખ ૫ જુલાઈ ૨૦૨૬ના રોજ એક ભવ્ય રક્તદાન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શિવબાબા માનવ સેવા ગ્રુપ દ્વારા સંચાલિત આ પરોપકારી કેમ્પ સવારે ૮:૦૦ વાગ્યાથી બપોરના ૧:૦૦ વાગ્યા સુધી ચાલશે. આ કેમ્પનું આયોજન પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલા બાળકેળવણી મંદિર, બગસરા ખાતે રાખવામાં આવ્યું છે. માનવતાના આ મહાયજ્ઞમાં જોડાઈને વધુમાં વધુ રક્તદાતાઓ ઉત્સાહભેર રક્તદાન કરે તેવી નમ્ર વિનંતી છે. આ આયોજન અંગેની વિશેષ વિગતો કે માહિતી મેળવવા માટે પંકજભાઈ ગાંગડીયાનો મોબાઈલ નંબર ૯૩૨૭૫૨૬૬૯૯ પર સંપર્ક કરી શકાશે.

# બગસરા એસટી ડેપોના કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો

બગસરા,તા.૦૩

બગસરા એસટી નિગમમાં છેલ્લા ઘણા વર્ષોથી પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રહેલા મેરામભાઈ હાથીભાઈ વાળાનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો હતો. તેઓ હાલમાં એસટી ડેપોમાં ટીસી (ટ્રાફિક કંટ્રોલર) તરીકે કાર્યરત હતા અને વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા છે. આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં સાથી કર્મચારીઓ તરફથી તેમને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. જેમાં કંડક્ટર જનકભાઈ વાળા તેમજ ડ્રાઈવર સલીમભાઈ મેર દ્વારા નિવૃત્ત થઈ રહેલા મેરામભાઈને વિશેષ ગિફ્ટ આપીને સન્માનિત



તસવીર : હાર્દિક બામટા

કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામ સાથી મિત્રોએ તેમના નિવૃત્તિ પછીનું ભવિષ્યનું જીવન ખૂબ જ સુખ, શાંતિ અને તંદુરસ્તીમય રહે તેવી હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવી હતી.




## અમરેલીમાં ડો.કલામ ઈનોવેટિવ સ્કૂલના બાળકોએ

# ડૉક્ટરોને "સ્વાસ્થ્ય સૈનિક સન્માન" અર્પણ કર્યુ

અમરેલી,તા.૦૩

ભારત રત્ન ડૉ. બી.સી. રોયની સ્મૃતિમાં ઉજવાતા રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે નિમિત્તે ડૉ. કલામ ઈનોવેટિવ સ્કૂલ, અમરેલીના વિદ્યાર્થીઓએ શહેરના વિવિધ ડૉક્ટરોની રૂબરૂ મુલાકાત લઈ "સ્વાસ્થ્ય સૈનિક સન્માન" અર્પણ કર્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના હાથે તૈયાર કરેલા સન્માનપત્રો, શુભેચ્છા સંદેશો અને ચિત્રો ભેટ આપી ડૉક્ટરોની નિઃસ્વાર્થ સેવાપ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ અને ડૉક્ટરો વચ્ચે પ્રેરણાદાયી સંવાદ પણ




યોજાયો હતો. શાળાના બાબરીયા સાહેબ અને ભગવાન સાહેબ વિદ્યાર્થીઓ સાથે વિવિધ હોસ્પિટલો અને ક્લિનિકોમાં જોડાયા હતા. આચાર્ય રીનાબા ધાધલે જણાવ્યું હતું કે આવા કાર્યક્રમોથી બાળકોમાં માનવતા, કૃતજ્ઞતા અને સમાજ પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસે છે. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ સ્વચ્છતા, આરોગ્ય જાગૃતિ અને સ્વસ્થ જીવનશૈલી માટે સમાજને પ્રેરિત કરવાનો સંકલ્પ કર્યો હતો. શાળાની આ પહેલે ડૉક્ટરો પ્રત્યે આદર અને માનવસેવાના મૂલ્યોને ઉજાગર કરતું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતુ.

# ગણિત સ્પર્ધામાં સાવરકુંડલાના બાળકોનો ડંકો, ગુજરાતમાં રનર્સ અપ

સાવરકુંડલા, તા.૦૩

સમગ્ર ભારતના ૩૦૦૦ પ્રતિસ્પર્ધીઓને પાછળ છોડી સાવરકુંડલાનો નેવિલ કમલેશભાઈ નાકરાણી



ગુજરાતમાં પ્રથમ રનર-અપ બન્યો છે. વડોદરામાં યોજાયેલી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં સાવરકુંડલાના પાંચ બાળકોએ પેન, પેપર કે કેલ્ક્યુલેટર વિના માત્ર આઠ મિનિટમાં ૨૦૦ જેટલા ગણિતના દાખલા ઉકેલ્યા હતા. આ જ સ્પર્ધામાં મોહમ્મદ હમઝા દ્વિતીય, શ્યામ ચોંડીગળા તૃતીય, હેની કોટડીયા ચોથા ક્રમે આવ્યા હતા અને દર્શિતા બગડા ઝોનલ ટ્રોફી વિનર બની હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૩૯૧/૨૦૨૬

અરજદાર : શ્રી સોલંકી પાંચાભાઈ વિસાભાઈ
સરનામુ : મુ.ધારાબંદર તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ધારાબંદર
મુ. ધારાબંદર, તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધારાબંદર** ગામના **શ્રી સોલંકી પાંચાભાઈ વિસાભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી રાધીબેન પાંચાભાઈ સોલંકી નો** જન્મ તા.૦૨/૦૬/૨૦૦૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.આર.ખસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૦૧/૨૦૨૬**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# શેડુભારમાં રેલવે પ્રોજેક્ટની અધૂરી કામગીરીથી ખેડૂતો ભારે પરેશાન

અમરેલી,તા.૦૩



શેડુભાર ગામમાં ચાલી રહેલા રેલવે પ્રોજેક્ટની અધૂરી કામગીરી વરસાદી સિઝનમાં ખેડૂતો માટે મોટી મુશ્કેલી બની છે. ભારે વરસાદ બાદ રસ્તાઓ પર કાદવ અને માટી ભરાઈ જતાં અનેક ખેડૂતો બે દિવસ સુધી પોતાના ખેતરોમાં પહોંચી શક્યા નહોતા. જેના કારણે વાવણીની કામગીરી પર પણ સીધી અસર પડી હતી. ગામના સરપંચના પ્રતિનિધિ સુરેશભાઈ દેવચંદભાઈ કુંભાણીના જણાવ્યા મુજબ રેલવે લાઈનના કારણે હજારો વીઘા ખેતીની જમીન અલગ વિસ્તારોમાં આવેલી છે. વરસાદી પાણીના યોગ્ય નિકાલ અને સુરક્ષા વ્યવસ્થાના અભાવે ખેતીના વાહનોની અવરજવર સંપૂર્ણપણે અટકી ગઈ હતી. સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે અનેક રજૂઆતો છતાં સમયસર કાર્યવાહી ન થતાં ગ્રામજનોએ સ્વખર્ચે જેસીબી મંગાવી રસ્તો ફરી ચાલવા લાયક બનાવ્યો હતો. ગ્રામજનોએ રેલવે ટ્રેક નજીક પ્રોટેક્શન વોલ, વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા તેમજ શેડુભારથી જરખીયા સુધી કાયમી સીસી રોડ બનાવવાની માંગ કરી છે. ખેડૂતોએ સંબંધિત તંત્રને સ્થળ મુલાકાત લઈ ઝડપથી કાયમી ઉકેલ લાવવાની અપીલ કરી છે.

**કલેક્ટર, સાંસદ ભરત સુતરીયા, ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની હાજરીમાં**

# અમરેલી કલેક્ટર કચેરી ખાતે રેલ્વે પ્રોજેક્ટ અંતર્ગત બેઠક મળી

અમરેલી,તા.૦૩



અમરેલી જિલ્લામાં બ્રોડગેજ રેલ્વે પ્રોજેક્ટને લગતી વિવિધ બાબતો અંગે સમીક્ષા બેઠક સાંસદ ભરત સુતરીયા, ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની હાજરીમાં યોજાઈ હતી. બેઠક દરમિયાન પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ, બાકી રહેલા કાર્યો, જમીન સંપાદનની પ્રક્રિયા તેમજ તકનિકી મુદ્દાઓ અંગે રેલ્વેના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. હાલ ચાલી રહેલા તમામ કામોની વિગતવાર માહિતી મેળવી કામગીરીની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. પ્રોજેક્ટનું કામ ઝડપથી પૂર્ણ થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. જમીન સંપાદન દરમિયાન ઉભા થતા પ્રશ્નો અંગે પણ ખાસ ચર્ચા કરવામાં આવી હતી. જે સ્થળોએ જમીન સંપાદનની પ્રક્રિયા બાકી છે અથવા કોઈ અડચણો છે તેનું વહેલી તકે નિરાકરણ લાવી કામગીરીમાં ગતિ લાવવા ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠકમાં પ્રોજેક્ટ સાથે સંકળાયેલા તમામ વિભાગો વચ્ચે સંકલન કરી સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી.

# નાના માચીયાળા આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા નિદાન કેમ્પનું આયોજન

અમરેલી, તા. ૦૩



નાના માચીયાળા આયુષ્યમાન આરોગ્ય મંદિરના સેજા હેઠળ આવતા ગીરીયા ગામમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને કેન્સર જેવા ગંભીર રોગો માટેના એક ખાસ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ તાલુકા આરોગ્ય અધિકારી ડૉક્ટર સતાણી સાહેબના યોગ્ય માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. આ આરોગ્ય કેમ્પને સફળ બનાવવા માટે હર્ષલભાઈ હડિયા, કેયુરભાઈ મારૂ, ચારુબેન રાઠોડ તેમજ સ્થાનિક આશા કાર્યકરોએ હાજર રહીને પોતાનો અમૂલ્ય સહકાર આપ્યો હતો. ગીરીયા ગામના બહોળી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક આ કેમ્પમાં આવીને પોતાના સ્વાસ્થ્યની તપાસ કરાવી હતી.

# અમરેલીમાં સમાધાનના રૂપિયા માંગ્યાનો ખાર રાખી ઢીંકાપાટુ માર્યા

અમરેલી, તા. ૦૩

અમરેલીમાં સમાધાનના રૂપિયા માંગ્યાનો ખાર રાખી એક મહિલાને ઢીંકાપાટુનો માર મારવામાં આવ્યો હતો, તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી અપાઈ હતી.

આ અંગે આશાબેન અમિતભાઈ પંચાળા (ઉ.વ.૨૨)એ ભારતીબેન મુનાભાઈ પંચાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આશાબેનના પતિ વિરુધ્ધ ભારતીબેનની દિકરીએ ફરિયાદ નોંધાવી હતી, જેથી તેઓ જેલમાં હતા. આ કેસમાં સમાધાન કરવા માટે આરોપી ભારતીબેન રૂપિયાની માંગણી કરતા હતા, પરંતુ આશાબેન રૂપિયા આપવા માંગતા નહોતા. જે બાબતનો ખાર રાખી આરોપીએ આશાબેનને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ઢીંકાપાટુનો માર માર્યો હતો. આ બનાવને કારણે સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામી હતી.અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. બી. માર આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

**ગાળો બોલી જાનથી મારવાની ધમકી પણ આપી**

# લીલીયાના રેવન્યુ વિસ્તારમાંથી સિંહ-દીપડાને જંગલમાં લઈ જવા માગણી

લીલીયા, તા. ૦૩



લીલીયા તાલુકા પંચાયતના પ્રમુખ જગદીશભાઈ દેથલીયાએ વન મંત્રીને પત્ર લખીને સિંહ અને દીપડા જેવા વન્ય પ્રાણીઓને લીલીયા તાલુકાના રેવન્યુ વિસ્તારમાંથી જંગલ વિસ્તારમાં લઈ જવા માગણી કરી છે. તેમણે પત્રમાં વધુમાં જણાવેલ છે કે, હાલમાં સિંહ અને દીપડા જેવા વન્ય પ્રાણી લીલીયા તાલુકાના રેવન્યુ વિસ્તારમાં ખુબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. હાલમાં ખેત મજૂરો પર હુમલાની ઘણી ઘટના બની છે, જેથી ખેત મજુરો લીલીયા વિસ્તાર મુકીને દુર જઈ રહ્યા છે. તેના કારણે ખેત મજુરોની અછત ઊભી થઈ છે અને વિસ્તારમાં ખુબ જ ભયનો માહોલ ઉભો થયો છે.

## અવસાન નોંધ

**રાજકોટ**

જગદીશભાઈ લાખાભાઈ રાઠોડ (ઉ.વ. ૭૩)નું તા. ૦૧-૦૭-૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયું છે. તેઓ સ્વ. લાખાભાઈના પુત્ર તથા સ્વ. પુષ્પાબેનના પતિ હતા. તેઓ પ્રતાપભાઇ તેજલ, જલ્પા, ભાવના, સોનુ અને હીનાના પૂજ્ય પિતાશ્રી, યોગિતાબેનના સસરા તથા રાજના પ્રેમાળ દાદાશ્રી હતા. સ્વ. કલ્યાણજીભાઈ નરસિંહભાઈ જાની કોમ્યુનિટી હોલ સરકારી કર્મચારી સોસાયટી, ચંદન પાર્ક મેઇન રોડ, પેરેડાઇઝ હોલ પાસે, રૈયા ચોકડી, ૧૫૦ ફૂટ રિંગ રોડ,રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

બાવચંદભાઈ શાંતિભાઈ યાદવ (દલખાણીયા વાળા) તે નારાયણભાઈ શાંતિભાઈ યાદવ ના મોટાભાઈ તથા વિપુલભાઈ બાવચંદભાઈ યાદવ અને કમલેશભાઈ બાવચંદભાઈ યાદવ (યોગીરાજ ટેઈલર) અને સ્મિતાબેન બાવચંદભાઈ યાદવ (ટીચર. મોટા સમઢિયાળા)ના પિતાનું તા:૦૧/૦૭/૨૦૨૬ને બુધવાર ના રોજ દુ:ખદ આવાસન થયેલ છે.

# સા.કુંડલા તાલુકા પેન્શનર મંડળની ૪૪મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

સા.કુંડલા, તા.૦૩



સાવરકુંડલા તાલુકા પેન્શનર મંડળની ૪૪મી વાર્ષિક સાધારણ સભા ૨૮ જૂનના રોજ લોહાણા વિદ્યાર્થી ભુવન ખાતે યોજાઈ હતી. સભાની અધ્યક્ષતા જિલ્લા પેન્શનર મંડળના પ્રમુખ રાજુભાઈ મહેતાએ કરી હતી. તેમણે પેન્શનરોના વિવિધ પ્રશ્નો, સંસ્થાની કામગીરી અને આગામી કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપ્યું હતું. એસબીઆઈ સ્ટેશન રોડ શાખાના મેનેજર સંતોષકુમારે ઉપસ્થિત રહી બેન્કિંગ સેવાઓ અને વિવિધ યોજનાઓ અંગે ઉપયોગી માહિતી આપી હતી. તાલુકા પેન્શનર મંડળના પ્રમુખ અરૂણભાઈ દેવમુરારીએ સંસ્થાના કાર્યાલય માટે જગ્યા અથવા ઓફિસ ખરીદવાના આયોજન અંગે સભાસદોને આર્થિક સહયોગ આપવા અપીલ કરી હતી, જેને સભ્યોએ ઉત્સાહપૂર્વક સમર્થન આપ્યું હતું. મોટી સંખ્યામાં પેન્શનર ભાઈઓ અને બહેનો સભામાં જોડાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ચંપૂભાઈ ખુમાણ, રમેશભાઈ રવિયા, વિરજીભાઈ વેગડા, જીતુભાઈ જોશી, દિલાભાઈ જાદવ, દિલાવર ખાન પઠાણ, મહેન્દ્રભાઈ ગોડા અને ધીરેન્દ્રભાઈ ત્રિવેદીએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ રવિયાએ કર્યું હતું.




## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૬૭/૨૦૨૬ — તા.૩૦/૦૬/૨૦૨૬

શ્રી અલ્તાફ મહમદ સરવૈયા
રહે. આશિયાના રો હાઉસ, જાગૃત વિદ્યાલય પાસે,
સરખેજ, અમદાવાદ-૩૮૨૨૧૦ ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી,
નગરપાલિકા-વિસાવદર, તા.વિસાવદર .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી અલ્તાફ મહમદ સરવૈયા અમદાવાદ, એ તેમનો જન્મ તા. ૨૪/૦૯/૧૯૭૮ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા, વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા, વિસાવદર, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ જુન ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(આર.એન. ખોડભાયા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર




## :: કુલ મુખત્યારનામા ખોવાઈ ગયા સંબધેની જાહેર નોટીસ ::

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ અશ્વિન એમ.પટેલ, લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છૂ કેઃ

અમારી પાસેથી અમારા અસીલ શ્રી (૧) પ્રતિકભાઈ ધનસુખભાઈ ઠાકર, (૨)ધનસુખભાઈ નાથાભાઈ ઠાકર,બંને રહે.અમરેલીવાળાની બાનાખત કરેલ મિલકત કે જેનુ વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ગામે સુધરાઈહદમાં,ચકકરગઢ રોડ રસ્તે ''આનંદ નગર'' વિસ્તારમાં આવેલ રહેણાંક મિલકત,

રે.સર્વેનં.૫૨૭ પૈકી, પ્લોટ નં.૭૮ પૈકી, જેના ચો.મી. ૯૩–૭૫,

નોટરાઈઝ બાનાખત સીરીયલ નં.૧૯૨૦/૧૫૬, તા.૨૩/૬/૨૦૨૬,

ઉપરોકત મિલ્કતનુ અમારા અસીલોશ્રીએ (૧) રસીલાબેન હરકિશનભાઈ દવે W/O રમેશચંદ્ર દયાશંકર વ્યાસ, (૨) ભાવેશભાઈ રમેશચંદ્ર વ્યાસ, બંને રહે. અમરેલીવાળા પાસેથી બાનાખત કરેલ છે અને તેમણે આ મિલકત અશોકભાઈ પ્રાગજીભાઈ સાંગાણી પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૦૬૯, તા.૨૩/૪/૨૦૦૭ ના રોજ ખરીદ કરેલ છે.

આમ ઉપરોકત મિલકતના ઉતરોતર દસ્તાવેજોમાં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૨૨૩૫,તા.૨૧/૯/૨૦૦૬ નો વેચાણ દસ્તાવેજ લખી આપનાર ઘનશ્યામભાઈ ડાયાભાઈ પટેલના કુલમુખત્યાર પરેશકુમાર દિનકરરાય દાવડાએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ તે માહેનુ કુલમુખત્યારનામુ તથા ૧, નજીરએહમદહુસેનરહેમાન કાદરી વિગેરે વતી હબીબરહેમાન નજીરએહમદ કાદરીએ રજી.વેચાણ દસ્તાવેજ નં.૪૪૫, તા.૨/૩/૧૯૯૮ ના રોજ કરી આપેલ તે માહેનુ કુલમુખત્યારનામુ આમ આ બંન્ને કુલમુખત્યારનામાની ઝેરોક્ષ નકલ ભાવેશભાઈ રમેશચંદ્ર વ્યાસ તેમના ઘર ચકકરગઢ રોડ થી જુનુ માર્કેટીંગ યાર્ડના રસ્તે તા.૨૯/૪/૨૦૨૬ના રોજ ઝેરોક્ષ કરવા જતા હતા તો તે રસ્તે ક્યાંક પડી જતા ખોવાઈ ગયેલ છે જે અંગેની લેખિતમાં જાણ અમરેલી સીટી પોલીસ સ્ટેશને તા.૩૦/૬/૨૦૨૬ના રોજ તેમણે કરેલ છે.

સબબ આ નોટીસથી સર્વે લાગતા વળગતા ને જણાવવાનુ કે, ઉપરોકત જણાવેલ મિલ્કત ઉપર અને સદરહુ દસ્તાવેજ અંગે કોઈનુ કોઈપણ પ્રકારનુ લેણ દેણ, હક, હિત, હિસ્સો, લાગભાગ, અગ્રહકક, ગીરો–બોજો, તારણ, ભાડુઆતી હકક હોય તો તેમણે નીચે સહી કરનારને નીચે દર્શાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન–૩ (ત્રણ)માં લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી જો તેમ નહીં કરવામાં આવ્યેથી કોઈનુ કંઈ લેણ કે દેણ કે હક્ક, હિત, હિસ્સો અગ્રહકક, ગીરો–બોજો, તારણ કે ભાડુઆતી હક નથી અને હોય તો જતા (WAIVE) કરેલ છે. તેમ માની આ મિલ્કત અંગે અમો ટાઈટલ કલીયરન્સ સટીફિકેટ ઈસ્યુ કરવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યાર બાદ કોઈ પણ વ્યકિતનો કોઈ પણ પ્રકારનો વાંધા કે તકરાર ધ્યાને લેવામા આવશે નહિ. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખઃ ૪/૭/૨૦૨૬

**અશ્વિન એમ.પટેલ**
**એડવોકેટ એન્ડ નોટરી**
**આકાર કોમ્પલેક્ષ, પ્રથમ માળ,**
**નાગનાથ મહાદેવ બસ સ્ટોપની બાજુમા,**
**સરકારી ગર્લ્સ હાઈ સ્કૂલ પાસે,**
**અમરેલી.**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૬૯/૨૦૨૬ — તા.૩૦/૦૬/૨૦૨૬

શ્રી ગોરધનભાઈ નારણભાઈ હિદડ
રહે. કુબા (રાવણી), તા. વિસાવદર,
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
કુબા (રાવણી), તા.વિસાવદર .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ગોરધનભાઈ નારણભાઈ હિદડ રહે. કુબા (રાવણી) તા. વિસાવદર એ તેમના પિતાશ્રી નારણભાઈ કાનજીભાઈ હિદડ નું તા.૩૦/૧૧/૨૦૧૫ ના રોજ વિસાવદર તાલુકાના કુબા (રાવણી) ગામ મુકામે અવસાન થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કુબા (રાવણી), તા. વિસાવદર, જી.જુનાગઢના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કુબા (રાવણી), તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ-મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ જુન ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(આર.એન. ખોડભાયા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## :: જાહેર નોટીસ ::

આથી અમો નિરજ એન. શીયાળ (એલ.એલ.બી. એડવોકેટ-ઉના) ધ્વારા જાહેર જનતા તથા લાગતા વળગતા તથા સબંધકર્તા તમામને આ જાહેર નોટીસથી જાણ કરવામા આવે છે કે, ગુજરાત રાજયના ગિરસોમનાથ જિલ્લાનાં ઉના તાલુકાના મોજે ઉના શહેરમાં સ.નં.૫૪૯ પૈકી, એકર ૦૧-૩૫ ગુંઠા બીનખેતી થયેલી જમીન જેના પ્લોટ.નં.૫, ક્ષેત્રફળ ૨૬૧.૬૫ ચો.મી. વાળી મીલ્કતના માલીક યશવંતકુમાર જયંતિલાલ ગઢિયા વીગેરેના સંયુક્ત માલીકી તથા કબ્જા તળે આવેલ છે. આ મીલ્કતના આગામી માલીક તેમના માતૃશ્રી, ધનકુંવરબેન જયંતિલાલના નામનો ઓરીજનલ રજી. દસ્તાવેજ.નં.૨૪૫/૧૯૯૩ ગુમ થઇ ખોવાઈ જવા પામેલ છે, જે આજદિન સુધી મળેલો નથી આ મીલ્કતના માલીકીના હકક તથા કબ્જાના હકક બાબતે કે તેના ટાઇટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હીત. હીસ્સો કબ્જો, દર, દાવો, લેણુ, બોજો, ચાર્જ, કરજ, લીયન, જામીનગીરી, કે ખાધા ખોરાકી કે ભરણ પોષણ કે ટાઇટલ સબંધીત દસ્તાવેજી પુરાવાઓ કે અન્ય કોઇપણ બાબતે કોઈપણ જાતના વાંધા વિવાદ તકરાર ઉપસ્થિત કરવાના હોય કે હાલ કોઈપણ નામ. કોર્ટમા ફરીયાદ અપીલ દાવો કે વાંધા વિવાદની મેટર ઉપસ્થિત હોય કે આ મીલ્કતના માલીકોએ જાતે કે તેમના વતી અન્ય કોઈએ હક્ક કે વગર હક્ક કોઇ વેચાણ વ્યવહાર કે સોદો સુથી કરાર કે સાટાખત સહિત સહી સમંતિનો કોઇ વ્યવહાર કરવામા આવ્યો હોય તો આ જાહેર નોટીસ પ્રસીધ્ધ થયાના ૧૦ (દસ) દિવસમા અમોને લેખીત આધાર પુરાવા શાથે નીચેના સરનામે જાણ કરવી નોટીસની મુદત વિત્યા બાદ આ સ્થાવર મિલ્કફ્ક્ત પરત્વે કોઈને કોઈપણ બાબતે કોઈપણ જાતના વાંધા વિવાદ તકરાર નથી અથવા હોય તો તે જતો (WAIVE) કરેલ છે, તેમ માની ત્યારબાદ કોઇનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર કે હક્ક દાવો મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની જાહેર જનતા સહીત તમામએ ખાસ અને સ્પષ્ટ નોંધ લેવી

સ્થળ :- ઉના
તારીખ :-૨૯/૦૬/૨૦૨૬
સરનામુ:-''હરી કૃષ્ણ ઈલેક્ટ્રોનીકની પાસે''
મામલતદાર કચેરી સામે ગીરગઢડા રોડ,
ઉના. જી. ગિરસોમનાથ

**અમારા મારફત**
**નિરજ એન. શીયાળ**
**(એડવોકેટ)**

# લાઠીની કલાપી હાઈસ્કુલમાં વિદ્યાર્થીઓ માટે સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

લાઠી,તા.૦૩

કલાપી હાઈસ્કુલ ખાતે વિદ્યાર્થીઓને સાયબર ગુનાઓ અને ઓનલાઈન છેતરપિંડીથી સુરક્ષિત રાખવાના હેતુથી વિશેષ સાયબર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પી.આઈ. એમ. બી. ઐસુરની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન




નાણાકીય છેતરપિંડી, સોશિયલ મીડિયાનો સુરક્ષિત ઉપયોગ, અજાણી લિંક્સ પર ક્લિક કરવાના જોખમો તેમજ ઓનલાઈન ગેમિંગ અને અન્ય માધ્યમો દ્વારા થતા સાયબર ફ્રોડથી કેવી રીતે બચી શકાય તેની સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સાયબર ગુનાઓના વિવિધ કિસ્સાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. કોઈપણ પ્રકારની ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બને તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા અથવા સાયબર હેલ્પલાઈનનો ઉપયોગ કરવાની અપીલ પણ કરવામાં આવી હતી.

# અમરેલી-બેટદ્વારકા બસ ગુર્જરનગરી કરાતા વિદ્યાર્થીઓ અને નોકરીયાતોને ભારે મુશ્કેલી

**સવારના ૫થી ૭ વાગ્યા વચ્ચે રાજકોટ જવા માટે એકમાત્ર બસની સુવિધા છીનવાતા મુસાફરોમાં ભારે રોષ**

બાબરા, તા. ૦૩

બાબરા તાલુકાના કોટડાપીઠા થઈને સવારે ૬ વાગ્યે પસાર થતી અમરેલી-બેટદ્વારકા બસને 'એક્સપ્રેસ'માંથી 'ગુર્જરનગરી' કરવામાં આવતા મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે.

બસનો કેટેગરી બદલાવાને કારણે તેમાં વિદ્યાર્થીઓ અને નોકરીયાતોના પાસ ચાલતા બંધ થઈ ગયા છે. સવારે ૫ થી ૭ વાગ્યા વચ્ચે રાજકોટ જવા માટે અન્ય કોઈ લોકલ કે એક્સપ્રેસ બસ ન હોવાથી કોટડાપીઠા, વાવડા અને કરણુકી ગામના અપડાઉન કરતા લોકો પરેશાન છે.

આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને નોકરીયાતો દ્વારા તંત્ર સમક્ષ મહત્વની માંગણીઓ કરવામાં આવી છે.

તેમની માંગ છે કે આ બસને ફરીથી એક્સપ્રેસ કરવામાં આવે, અથવા સવારે ૬ થી ૬:૩૦ વચ્ચે નવી લોકલ કે એક્સપ્રેસ બસ શરૂ કરવામાં આવે. આ સિવાય, સાવરકુંડલા-રાજકોટ લોકલ બસનો સમય સવારે ૭ ના બદલે વહેલો કરીને ૬:૩૦ વાગ્યાનો કરવા પણ રજૂઆત કરાઈ છે.

# બગસરાના નાના મુંજીયાસર ગામે સર્પદંશથી પરપ્રાંતિય પરિણીતાનું મોત

બગસરા, તા. ૦૩

ચોમાસાની સિઝનમાં જિલ્લામાં ઘણા પરપ્રાંતિયો રોજીરોટી માટે આવે છે, પરંતુ ક્યારેક તેમની સાથે ગોઝારી ઘટના બને છે. બગસરાના નાના મુંજીયાસર ગામે સર્પદંશથી પરપ્રાંતિય પરિણીતાનું મોત થયું હતું. આ અંગે મૂળ રાજસ્થાનના બાંસવાડાના હડમત ગામના પુંજાભાઈ રામુભાઈ ગરાસીયાએ જાહેર કર્યા મુજબ, તેમનાં પત્ની ભાવનાબેન પુંજાભાઈ ગરાસીયા વાડીમાં સુકાવેલાં કપડાં લેવા જતાં ચીકુડીના ઝાડ પાસેથી જમણા પગની પાણીએ સર્પદંશ દેતાં સારવાર અર્થે લઈ જવાયાં હતાં; જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતાં. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. એન. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના શેખ પીપરીયા ખાતે ઉર્જા સપ્તાહ-૨૦૨૬ અંતર્ગત પીજીવીસીએલ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાઈ

લાઠી,તા.૦૩

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL), લાઠી દ્વારા 'ઉર્જા સપ્તાહ-૨૦૨૬' અંતર્ગત શેખ પીપરીયાની પીએમશ્રી પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ 'આજની જાગૃતિ, આવતીકાલની સુરક્ષા' વિષય પર



પોતાની કલા પ્રદર્શિત કરી હતી. કાર્યક્રમમાં PGVCLના નાયબ ઈજનેર એલ.એમ. હિરપરા, અન્ય અધિકારીઓ અને શાળાના આચાર્ય-શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. કંપની દ્વારા સ્પર્ધકોને જરૂરી તમામ સ્ટેશનરી પૂરી પાડવામાં આવી હતી. નિર્ણાયક સમિતિ દ્વારા કૃતિઓનું મૂલ્યાંકન કરી લક્ષ્મીબેન કનેશને પ્રથમ, શાહેનુર પિરજાદાને દ્વિતીય અને ધ્રુવિબેન અગ્રાવતને તૃતીય ક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વિજેતાઓને અધિકારીઓના હસ્તે પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ચલાલામાં સુરત પાસિંગના કાર ચાલકે અકસ્માત સર્જ્યો

**જાફરાબાદના ધારાબંદર ગામના પરિવારની દિકરીને ઈજા પહોંચી**

ચલાલા, તા. ૦૩

ચલાલામાં સુરત પાસિંગની કારના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. જાફરાબાદના ધારાબંદર ગામે રહેતા યોગેશભાઈ જેંતીભાઈ ચુડાસમા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, તેઓ તથા તેમનો પરિવાર કચ્છથી કામ પતાવીને પરત ફરી રહ્યા હતા. જ્યારે તેઓ ચલાલા ગામે પહોંચીને ફરસાણની દુકાન તરફ ચાલીને જઈ રહ્યા હતા, તે સમયે આવેલી સુરત પાસિંગની એક કારે તેમની દીકરીને ટક્કર મારી હતી. જેમાં દીકરીને ઈજાઓ પહોંચી હતી.

ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ખોડાભાઈ બગડા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં ઘેલાણી કોલેજ ખાતે પાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાનો સન્માન સમારોહ યોજાયો

સાવરકુંડલા, તા. ૦૩

સાવરકુંડલામાં વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ ખાતે નગરપાલિકાના નવનિર્વાચિત પ્રમુખ નયનાબેન કાપડિયાનો સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાએ આશીર્વચન પાઠવ્યા હતા, જ્યારે નગરપાલિકાના દંડક



અરવિંદભાઈ મેવાડાએ આગામી સમયમાં હાથ ધરાનાર વિકાસલક્ષી યોજનાઓની રૂપરેખા આપી હતી. નયનાબેન કાપડિયાએ પણ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ સમારોહમાં સંસ્થાના ઉપપ્રમુખ નૂતનબેન તન્ના, કારોબારી ચેરમેન જીગ્નેશભાઈ ટાંક, પક્ષના નેતા દિનેશભાઈ રાઠોડ, અગ્રણી અતુલભાઈ કાપડિયા, પરાગભાઈ તન્ના તેમજ કેળવણી મંડળના ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. પ્રતિમા શુક્લએ કર્યું હતું અને આભાર વિધિ ડો. કે.પી. વાળાએ આટોપી હતી.

# રાજુલાની સંઘવી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં ઓરીએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

રાજુલા, તા. ૦૩

રાજુલામાં એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે આજે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. આ તકે રાજુલાના ટાઉન પોલીસ વિભાગના ડીવાય.એસ.પી નયનાબેન ગોરડીયા, સ્ટેટ બેંક રાજુલા બ્રાન્ચના મેનેજર પબીત્ર મોહન જેના, કોલેજ સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ




મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજાની વિશેષ ઉપસ્થિતિ રહેલ હતી. ડીવાયએસપી નયનાબહેન ગોરડિયાએ બહેનોને કારકિર્દીલક્ષી અનુભવના કેટલાક ઉદાહરણો રજૂ કરેલ, જે અત્યંત પ્રેરક રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, દ્રઢ સંકલ્પ બળ અને તે દિશામાં સતત પ્રયાસ હોવા જોઈએ તો ઈચ્છિત નોકરી મળી શકે. આ ઉપરાંત પબિત્ર જેનાએ પણ બેંક દ્વારા અપાતી સુવિધાઓની વાત કરીને સાયબર ક્રાઈમથી અજાણ બહેનોને ઈન્ટરનેટનો ઉપયોગ સાવચેતીથી કરવા જણાવ્યું હતું અને ખાતાની સલામતી માટે કેટલાક નિશ્ચિત પગલાં લેવા ભલામણ કરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચોથ
તા.૦૪-૦૭-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૭,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

**તા.૦૪-૦૭-૨૦૨૬ — શનિવાર**

મેષ: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

વૃષભ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે.

મિથુન: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

કર્ક: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

સિંહ: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

કન્યા: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

તુલા: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

વૃશ્ચિક: સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે.

ધન: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

મકર: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો.

કુંભ: આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે.

મીન: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

# લીલીયા મોટાની સરકારી કોલેજમાં કબીર જયંતિની ભવ્ય ઉજવણી

લીલીયા, તા. ૦૩

લીલીયા મોટા ખાતેની સરકારી કોલેજમાં કબીર જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન કરવામાં આવી હતી. કોલેજના હિન્દી વિભાગના પ્રાધ્યાપક ડૉ. મહેશ વાઘેલા દ્વારા મહાન સંત કવિ, સમાજ સુધારક અને આધ્યાત્મિક વિચારક



સંત કબીરદાસજીની જન્મ જયંતિ નિમિત્તે "કબીર જયંતિ મહોત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને સંત કબીરના જીવન, સાહિત્ય, આધ્યાત્મિક વિચારધારા અને માનવતાવાદી સંદેશ સાથે પરિચિત કરવાનો હતો. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે અંગ્રેજી વિભાગના પ્રાધ્યાપક ડૉ.શબ્બીર પરમારે સંત કબીરના જીવનચરિત્ર, આધ્યાત્મિક સાધના, સામાજિક ચેતના અને માનવતાવાદી દ્દષ્ટિકોણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

# ઈંગોરાળા (ડુંગરી) ગામે પ્રૌઢે તથા મેઘા પીપળીયા ગામે મહિલાએ ઝેરી દવા પીધી

અમરેલી, તા. ૦૩

અમરેલી જિલ્લામાં વધુ બે લોકોએ ઝેરી દવા પીધી હતી. ઈંગોરાળા (ડુંગરી) ગામે પ્રૌઢે તથા મેઘા પીપળીયા ગામે મહિલાએ ઝેરી દવા પીધી હતી. ધારીના ઈંગોરાળા (ડુંગરી) ગામે રહેતા રવજીભાઈ હરીભાઈ સાગઠીયા (ઉ.વ. ૩૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા હરીભાઈ ભાયાભાઈ સાગઠીયા (ઉ.વ. ૭૦)એ પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી લીધા હતા, જેના કારણે તેમનું મોત થયું હતું. બીજા બનાવમાં વડિયાના મેઘા પીપળીયા ગામે રહેતા પ્રતાપભાઈ હરીભાઈ મકવાણા (ઉ.વ. ૩૬) એ જાહેર કર્યા મુજબ, વાલીબેન હરીભાઈ મકવાણા (ઉ.વ. ૬૫)ને છેલ્લા સાત-આઠ વર્ષથી લો બી.પી.ની બીમારી હતી. જેનાથી કંટાળી જઈ તેમણે પોતે પોતાની જાતે કપાસમાં નાંખવાની દવા પી લેતા, સારવાર દરમિયાન તેમનું મરણ થયું હતું.

# અમરેલી જિલ્લામાં ૨૮ લોકો દેશી દારૂ સાથે ઝડપાયા

અમરેલી, તા. ૦૩

અમરેલી જિલ્લામાંથી ૨૮ લોકો દેશી દારૂના જથ્થા સાથે પકડાયા હતા, જેમાં ૫ મહિલાઓ પણ સામેલ હતી. આ ઉપરાંત, જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૨૪ લોકો પાસ કે પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાંથી મળી આવ્યા હતા.

# રાજુલામાંથી ૩ જુગારી ઝડપાયા

રાજુલા, તા. ૦૩

રાજુલામાંથી પોલીસે ૩ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રૂ. ૧૧,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. સીરાજભાઈ હુસેનભાઈ લુંજા, જયેશભાઈ મુળજીભાઈ વાઘેલા તથા ઈમરાનભાઈ કાળુભાઈ સમા જાહેરમાં ગંજીપત્તાનાં પાનાં વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂ. ૧૧,૭૦૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાંથી વધુ ૪ લોકો લાપતા બન્યા: બરવાળા બાવળ ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાંથી વધુ ૪ લોકો લાપતા બન્યા હતા. વડિયાના બરવાળા બાવળ ગામે રહેતા સુરેશભાઈ ગોકળભાઈ દોંગા (ઉ.વ.૪૯)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી નિધીબેન દોંગા (ઉ.વ.૧૮) રાત્રી દરમિયાન ઘરેથી કોઈને કહ્યા વગર પહેરેલા કપડાએ જતી રહી હતી. બોટાદના ગઢડા (સ્વામિનારાયણ)ના સભાડીયા ખારામાં રહેતા મીનાબેન રવીભાઈ મીઠાપરા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, સુનીલભાઈ રવીભાઈ મીઠાપરા (ઉ.વ.૧૮) અમરેલી કામે જેવાનું કહીને નીકળ્યા બાદ પરત ફર્યો નહોતો. સાવરકુંડલાના ભુવા ગામે રહેતા વિઠ્ઠલભાઈ દાનાભાઈ ગઢીયા (ઉ.વ.૬૩)એ જાહેર કર્યા મુજબ, તેમના દિકરા વિજયભાઈ વિઠ્ઠલભાઈ ગઢીયા (ઉ.વ.૩૯) ને મગજની બિમારી હતી.

પોતાના ઘરેથી સાવરકુંડલા તથા અમરેલી મીટિંગમાં જવાનું કહી પોતાનું મોટરસાયકલ લઈ પોતાની મેળે નીકળી ગયા હતા તેમજ ફોન કરતા ફોન ઉપાડતા નથી અને આજદીન સુધી પરત ઘરે નથી આવ્યા. ચોથા બનાવમાં રાજુલાના ધુડીયા આગરિયા ગામે રહેતા ભુપતભાઈ દેવાતભાઈ સોલંકી (ઉ.વ.૩૬)એ જાહેર કર્યા પ્રમાણે, તેમના પિતા દેવાતભાઈ મુળાભાઈ સોલંકી (ઉ.વ.૮૨) પોતાની વાડીએથી લુસડી ગામ ખાતે જવાનું કહી નીકળી ગયા હતા અને લુસડી ગામે નહી પહોંચી બીજે કયાંક જતા રહ્યા હતા. તપાસ કરતા મળી આવ્યા નહોતા.

તંત્રી લેખ

# ભારત-જાપાન : વિશ્વાસથી વિકાસ સુધી

ભારત અને જાપાન વચ્ચેના સંબંધો સાત દાયકાથી પણ વધુ સમયથી વિશ્વાસ, પરસ્પર સન્માન અને સહકારના મજબૂત પાયા પર વિકસ્યા છે. ભારતને સ્વતંત્રતા મળ્યા બાદ બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની શરૂઆત થઈ હતી. સમય જતાં આ સંબંધો માત્ર રાજકીય મર્યાદામાં સીમિત રહ્યા નથી, પરંતુ વેપાર, ટેકનોલોજી, શિક્ષણ, સંસ્કૃતિ, ઔદ્યોગિક વિકાસ અને સંરક્ષણ જેવા અનેક ક્ષેત્રોમાં વિસ્તર્યા છે. દિલ્હી મેટ્રો, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન અને ઔદ્યોગિક કોરિડોર જેવી મહત્વપૂર્ણ યોજનાઓમાં જાપાનનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. બંને દેશો લોકશાહી મૂલ્યોમાં વિશ્વાસ રાખે છે અને શાંતિપૂર્ણ વિકાસને પ્રાથમિકતા આપે છે. પરિણામે ભારત-જાપાનની ભાગીદારી આજે એશિયાની સૌથી વિશ્વસનીય ભાગીદારીઓમાંની એક બની છે. આજના સમયમાં વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે. કૃત્રિમ બુધ્ધિમત્તા (AI), અદ્યતન ટેકનોલોજી, ઊર્જા સુરક્ષા અને મહત્વના ખનિજોના પુરવઠાને લઈને વૈશ્વિક સ્તરે નવી સ્પર્ધા શરૂ થઈ છે. આવા સંજોગોમાં ભારત અને જાપાને પોતાના સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે અનેક નવા કરારો કર્યા છે. આ કરારોનો હેતુ માત્ર વેપાર વધારવાનો નથી, પરંતુ ભવિષ્યના વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે લાંબા ગાળાની વ્યૂહાત્મક ભાગીદારી વિકસાવવાનો છે. વેપારના ક્ષેત્રમાં જાપાન ભારતના સૌથી મોટા વિદેશી રોકાણકારોમાંનો એક છે. જાપાનની અગ્રણી કંપનીઓ ભારતમાં વાહન ઉદ્યોગ, ઈલેક્ટ્રોનિક્સ, મશીનરી, રેલવે, ઊર્જા અને આધુનિક ઉત્પાદન ક્ષેત્રોમાં સતત રોકાણ કરી રહી છે. બીજી તરફ ભારત જાપાન માટે વિશાળ બજાર, કુશળ માનવશક્તિ અને ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા ધરાવતો વિશ્વસનીય ભાગીદાર છે. નવા કરારો બંને દેશો વચ્ચેના વેપાર અને રોકાણને વધુ ગતિ આપશે. ખાસ કરીને લિથિયમ, કોબાલ્ટ અને અન્ય દુર્લભ ખનિજોના સુરક્ષિત પુરવઠા માટે બંને દેશો સાથે મળીને કાર્ય કરશે. આ ખનિજો ઈલેક્ટ્રિક વાહનો, બેટરી, સેમિકન્ડક્ટર અને આધુનિક ઈલેક્ટ્રોનિક્સના ઉત્પાદન માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તેથી પુરવઠાની સુરક્ષા બંને દેશોના ઔદ્યોગિક વિકાસ માટે આવશ્યક બની ગઈ છે. કૃત્રિમ બુધ્ધિમત્તાના ક્ષેત્રમાં પણ ભારત અને જાપાનનો સહયોગ નવી તકો ઊભી કરી શકે છે. ભારત પાસે વિશ્વસ્તરીય સોફ્ટવેર નિષ્ણાતો અને મજબૂત ડિજિટલ માળખું છે, જ્યારે જાપાન રોબોટિક્સ, ઓટોમેશન અને અદ્યતન ઉત્પાદન ટેકનોલોજીમાં અગ્રેસર છે. બંને દેશોની ક્ષમતાઓ એકબીજાને પૂરક હોવાથી સંયુક્ત સંશોધન, નવીનતા અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન મળશે, જેનાથી વૈશ્વિક બજારમાં બંને દેશોની સ્પર્ધાત્મકતા વધશે. ઊર્જા સુરક્ષા પણ આ ભાગીદારીનો મહત્વપૂર્ણ આધાર છે. સ્વચ્છ ઊર્જા, ગ્રીન હાઈડ્રોજન, ઊર્જા કાર્યક્ષમતા અને વૈકલ્પિક ઈંધણ જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવાથી બંને દેશોની ઊર્જા વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને પર્યાવરણ સંરક્ષણમાં પણ નોંધપાત્ર ફાળો મળશે. ઉપરાંત, ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ, સુરક્ષા અને મુક્ત જળમાર્ગોની જાળવણી માટે સંરક્ષણ ક્ષેત્રમાં વધતો સહયોગ બંને દેશોની વ્યૂહાત્મક શક્તિમાં વધારો કરશે. આ કરારો ભારત માટે રોજગારી, ઉત્પાદન અને નિકાસમાં વધારો કરવાની નવી તકો સર્જશે. જાપાનની મૂડી, અદ્યતન ટેકનોલોજી અને વ્યવસ્થાપન કુશળતા ભારતના ઉત્પાદન ક્ષેત્રને નવી ગતિ આપશે, જ્યારે ભારતનું વિશાળ બજાર અને યુવા માનવબળ જાપાન માટે લાંબા ગાળાના વિકાસનું કેન્દ્ર બની રહેશે. આખરે, કોઈપણ કરારની સફળતા તેના અસરકારક અમલીકરણ પર આધાર રાખે છે.

# સરહદો વચ્ચે બંધાયેલી જિંદગીઓ: કેદીઓની મુક્તિમાં માનવતા જીતવી જોઈએ




પ્રાસંગિક
સુરેશ દેસાઇ

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો છેલ્લા સાત દાયકાથી સતત ઉતાર-ચઢાવના સાક્ષી રહ્યા છે. યુધ્ધો, આતંકવાદ, સરહદી ઘૂસણખોરી, કાશ્મીર મુદ્દો અને કૂટનીતિક મતભેદોએ બંને દેશોના સંબંધોને વારંવાર પ્રભાવિત કર્યા છે. તેમ છતાં, આ રાજકીય અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓની વચ્ચે એક એવો માનવતાવાદી પ્રશ્ન પણ છે, જેના વિશે પ્રમાણમાં ઓછી ચર્ચા થાય છે, પરંતુ જે હજારો પરિવારોના જીવન સાથે સીધો સંબંધ ધરાવે છે. આ પ્રશ્ન બંને દેશોની જેલોમાં વર્ષોથી બંધ ભારતીય અને પાકિસ્તાની નાગરિકો તેમજ માછીમારોનો છે. આ મુદ્દો રાજકારણ કરતાં વધુ માનવતા, ન્યાય અને માનવ અધિકારો સાથે જોડાયેલો હોવાથી તેની તરફ સંવેદનશીલ અને વ્યવહારુ અભિગમ અપનાવવાની જરૂર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા દ્વિપક્ષીય કરાર અનુસાર દર વર્ષે ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈના રોજ બંને દેશો પોતાની જેલોમાં રહેલા એકબીજાના કેદીઓની યાદીનું વિનિમય કરે છે. આ પ્રક્રિયાનો હેતુ બંને દેશોમાં બંધ નાગરિકોની માહિતી પારદર્શક રીતે ઉપલબ્ધ કરાવવાનો અને તેમની ઓળખની પ્રક્રિયાને સરળ બનાવવાનો છે. તાજેતરમાં પણ બંને દેશોએ આ પરંપરાનું પાલન કર્યું છે. યાદીઓમાં દર્શાવાયેલા આંકડા માત્ર સરકારી દસ્તાવેજોનો ભાગ નથી, પરંતુ દરેક આંકડા પાછળ એક જીવંત માનવી અને તેના પરિવારની લાંબી પીડા છુપાયેલી હોય છે. કોઈ માતા પોતાના પુત્રની રાહ જોતી હોય છે, કોઈ પત્ની વર્ષો સુધી પતિના ઘરે પરત ફરવાની આશા રાખતી હોય છે, તો કોઈ બાળક પોતાના પિતાનો ચહેરો ધીમે ધીમે ભૂલી જવાની સ્થિતિમાં પહોંચી જાય છે. આ પીડા કોઈ સરહદ કે રાજકીય વિવાદને ઓળખતી નથી. બંને દેશોની જેલોમાં રહેલા કેદીઓમાં સૌથી મોટી સંખ્યા માછીમારોની હોય છે. ખાસ કરીને ગુજરાત અને પાકિસ્તાનના સિંધ પ્રદેશ વચ્ચેનો અરબી સમુદ્ર હજારો પરિવારો માટે જીવનનિર્વાહનું મુખ્ય સાધન છે. દરિયામાં કોઈ સ્પષ્ટ સરહદ, દિવાલ કે તારની વાડ નથી. ખરાબ હવામાન, સમુદ્રી પ્રવાહો, તકનીકી મર્યાદાઓ અથવા આધુનિક નેવિગેશન સાધનોના અભાવે ઘણા માછીમારો અજાણતાં જ આંતરરાષ્ટ્રીય જળસીમા ઓળંગી જાય છે. ત્યારબાદ સંબંધિત દેશની સુરક્ષા એજન્સીઓ તેમની ધરપકડ કરે છે અને તેઓ લાંબા સમય સુધી જેલમાં રહેવા મજબૂર બને છે. મોટા ભાગના કિસ્સાઓમાં તેમનો કોઈ દુર્ભાવનાપૂર્ણ ઈરાદો હોતો નથી, છતાં તેઓ રાજકીય તણાવના નિ:શબ્દ ભોગ બની જાય છે. સમસ્યા માત્ર ધરપકડ સુધી મર્યાદિત નથી. ઘણી વખત કેદીની સજા પૂર્ણ થઈ જાય છે, છતાં ઓળખની ચકાસણી, દસ્તાવેજી પ્રક્રિયા અને રાજદ્વારી વિલંબને કારણે તેઓ મહિનાઓ કે વર્ષો સુધી જેલમાં જ રહે છે. કાયદાકીય રીતે તેમની સજા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તેઓ સ્વતંત્ર જીવન જીવી શકતા નથી. આવી સ્થિતિ કોઈપણ લોકશાહી વ્યવસ્થા અને માનવ અધિકારોમાં વિશ્વાસ ધરાવતા સમાજ માટે ચિંતાજનક છે. ન્યાયનો મૂળભૂત સિધ્ધાંત એ છે કે કોઈપણ વ્યક્તિને કાયદેસરની સજા કરતાં વધુ સમય સુધી સ્વતંત્રતાથી વંચિત રાખવી યોગ્ય નથી. ભારત અને પાકિસ્તાન બંને દેશો સમયાંતરે એકબીજાને કોન્સ્યુલર ઍક્સેસ આપવાની, કેદીઓની માહિતી વહેંચવાની અને તેમની ઓળખની પ્રક્રિયા ઝડપી બનાવવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરે છે. આ વ્યવસ્થા નિ:સંદેહ આવકારદાયક છે, પરંતુ તેનો વાસ્તવિક લાભ ત્યારે જ મળશે જ્યારે પ્રક્રિયા વધુ ઝડપી, પારદર્શક અને માનવતાપૂર્ણ બનશે. કેદીઓના પરિવારજનોને સમયસર માહિતી મળે, તેમને જરૂરી કાનૂની સહાય ઉપલબ્ધ થાય અને સજા પૂર્ણ થયા પછી વિલંબ વિના વતન પરત મોકલવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે, તે બંને દેશોની સમાન જવાબદારી છે. વિશ્વના અનેક દેશો રાજકીય મતભેદો હોવા છતાં માનવતાના પ્રશ્નોમાં સહકાર આપતા જોવા મળે છે. યુધ્ધ અથવા તણાવની સ્થિતિમાં પણ અનેક દેશો કેદીઓની અદલાબદલી માટે સંવાદ જાળવી રાખે છે. આ ઉદાહરણો દર્શાવે છે કે રાષ્ટ્રીય સુરક્ષા અને માનવતા વચ્ચે સંતુલન જાળવવું શક્ય છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે પણ આવી જ પરિપક્વતા અને વ્યવહારુ દૃષ્ટિકોણ અપનાવવાની જરૂર છે, કારણ કે બંને દેશોના સામાન્ય નાગરિકો શાંતિ, સ્થિરતા અને પરસ્પર વિશ્વાસ ઈચ્છે છે. ભારતે અનેક પ્રસંગોએ પાકિસ્તાનમાં સજા પૂર્ણ કરી ચૂકેલા ભારતીય નાગરિકો અને માછીમારોની વહેલી મુક્તિની માંગ કરી છે. તે જ રીતે ભારતે પોતાની જેલોમાં રહેલા પાકિસ્તાની કેદીઓના કેસોમાં પણ કાયદાકીય પ્રક્રિયા અનુસાર કાર્યવાહી કરી છે. તેમ છતાં હજુ પણ અનેક એવા લોકો છે, જેઓ વર્ષોથી પોતાના વતન પરત ફરવાની રાહ જોઈ રહ્યા છે. આ પરિસ્થિતિ સ્પષ્ટ કરે છે કે વર્તમાન વ્યવસ્થામાં હજુ પણ નોંધપાત્ર સુધારાની જરૂર છે. નિયમિત સંકલન, ઝડપી ઓળખ પ્રક્રિયા અને સમયબધ્ધ કાર્યવાહી દ્વારા આ સમસ્યાનું અસરકારક નિરાકરણ શક્ય બની શકે છે. આ પ્રશ્ન માત્ર ભારત અને પાકિસ્તાન પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમગ્ર વિશ્વ માટે એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે. દરેક દેશ માટે રાષ્ટ્રીય સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને તેની સાથે કોઈ સમાધાન થઈ શકે નહીં. પરંતુ બીજી તરફ નિર્દોષ વ્યક્તિઓ અથવા સજા પૂર્ણ કરી ચૂકેલા લોકોને અનિશ્ચિત સમય સુધી જેલમાં રાખવું પણ ન્યાય અને માનવ અધિકારોના મૂળભૂત સિધ્ધાંતો સાથે સુસંગત નથી. સુરક્ષા અને માનવતા વચ્ચે સંતુલિત અભિગમ અપનાવવો એ જ સાચો માર્ગ છે. આજના સમયમાં ટેકનોલોજી એટલી વિકસિત થઈ ગઈ છે કે કેદીઓની ઓળખ, બાયોમેટ્રિક ચકાસણી, દસ્તાવેજોની પુષ્ટિ અને રાજદ્વારી પ્રક્રિયાઓ અગાઉ કરતાં ઘણી ઝડપથી પૂર્ણ કરી શકાય છે. જો બંને દેશો મજબૂત રાજકીય ઈચ્છાશક્તિ દર્શાવે, તો કેદીઓની વતન વાપસીની પ્રક્રિયા મહિનાઓ સુધી ખેંચવાને બદલે થોડા અઠવાડિયામાં પૂર્ણ થઈ શકે છે. આ માટે સંયુક્ત કાર્યપધ્ધતિ, નિયમિત દ્વિપક્ષીય બેઠકો, ડિજિટલ માહિતી વિનિમય અને ઉચ્ચ સ્તરની દેખરેખ જેવી વ્યવસ્થાઓ અસરકારક સાબિત થઈ શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વિશ્વાસનો અભાવ છે, પરંતુ વિશ્વાસ ક્યારેય એક જ દિવસમાં ઉભો થતો નથી. તે નાના પરંતુ અર્થપૂર્ણ અને સતત લેવામાં આવતા પગલાંઓથી વિકસે છે. કેદીઓની સમયસર મુક્તિ, માછીમારો પ્રત્યે વધુ ઉદાર અને માનવતાપૂર્ણ અભિગમ, તેમજ માનવ અધિકારો પ્રત્યેની પ્રતિબધ્ધતા એવા પગલાં બની શકે છે, જે બંને દેશો વચ્ચે વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવામાં મદદરૂપ થાય. આવા પ્રયાસો રાજકીય મતભેદો દૂર ન કરે તો પણ માનવતાના આધારે સંબંધોમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. સરહદો દેશોને અલગ કરી શકે છે, પરંતુ માનવીની લાગણીઓ, પરિવારનો પ્રેમ અને સન્માનપૂર્વક જીવન જીવવાનો અધિકાર સરહદોથી બંધાતો નથી. જેલોમાં બંધ દરેક ભારતીય કે પાકિસ્તાની માત્ર એક આંકડો કે કેદી નંબર નથી; તે કોઈના પરિવારનું હૃદય, કોઈ માતાપિતાની આશા અને કોઈ સંતાનનો આધાર છે. ભારત અને પાકિસ્તાન જો ખરેખર શાંતિ, વિશ્વાસ અને સ્થિર સંબંધોની દિશામાં આગળ વધવા માંગતા હોય, તો તેની શરૂઆત માનવતાથી કરવી પડશે. રાજકારણને તેના માર્ગે ચાલવા દઈએ, પરંતુ નિર્દોષ લોકોનું જીવન રાજકીય વિવાદોની કિંમત ન બને તેની જવાબદારી બંને દેશોની સરકારો પર સમાન રીતે છે. જ્યારે કેદીઓની મુક્તિમાં માનવતા જીતશે, ત્યારે જ સાચા અર્થમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે વિશ્વાસનો નવો સૂર્યોદય થશે.

**ભારત પાકિસ્તાનની બંનેની જેલમાં રહેલા હજારો કેદીઓ ભયાનક યાતના ભોગવે છે બીજી બાજુ બંને દેશના આ કેદી ના પરિવારો પોતાના સ્વજનની જુદાઈની પીડા સતત ભોગવી રહ્યા છે ભારત પાકિસ્તાનનો માનવી અભિગમ સર્વોત્તમ છે પણ તેનો અમલ કરવામાં આવે જલ્દી કરવામાં આવે તે જરૂરી છે.**

## શબ્દ સંજોગ-૨૨૨૬



**આડી ચાવી :**

(૧) ઉપયોગ, પ્રયોગ (૪)
(૨) સમક્ષ, મોજૂદ કે તૈયાર હોય તેવુ (૩)
(૩) ઠગનાર (૨)
(૪) એક જનતા વાહન (૨)
(૫) રેલ્વે, આગગાડી (૨)
(૭) વીંઘાનો વીસમો ભાગ (૨)
(૯) લલકારવુ તે (૪)
(૧૧) એક ખૂણો (૩)
(૧૨) કૃષ્ણ (૪)
(૧૫) છૂટાછેડા (૪)
(૧૬) આંકણી, મોજણી (૩)
(૧૯) પ્રગટ, જાહેર (૪)
(૨૦) લાલ, બાલ ને...... (૨)
(૨૪) દીવાલ (અંગ્રેજી)માં (અ) (૨)
(૨૧) હાંસલ, ટોલ (૨)
(૨૪) સરખુ (૩)
(૨૫) વડ (૨)

**ઉભી ચાવી :**

(૧) વહાણુ, સવાર (૩)
(૩) મજાક, મશ્કરી (૩)
(૬) પોતાનુ (૨)
(૭) પક્ષ, તરફેણ (૨)
(૮) પખાળવુ-ધોવુ તે (૩)
(૧૦) રસોઈનો ધંધો કરનારો પુરુષ (આ-અ) (૪)
(૧૩) ધાતુનો લાગતો મેલ કે તેનો વિકાર (૨)
(૧૪) સ્ત્રીઓનું એક ઘરેણુ (૨)
(૧૫) બત્તી, દીવો (૩)
(૧૭) મંદિરનું આંગણુ (૨)
(૧૮) આ બાજુથી પેલી બાજુ (આ-અ) (૪)
(૨૨) યુનિફોર્મ (૪)
(૨૩) એક કંદ (૩)
(૨૫) વડે, બદલે (૨)
(૨૬) એક સૂકો મેવો (૨)
(૨૬) સ્વભાવ, વર્તણુક (૨)
(૨૭) રીત, તરેહ (૩)
(૨૮) વન, જંગલ (૩)

## શબ્દ સંજોગ-૨૨૨૫ જવાબ

**આડી ચાવી:** (૧) યવ (૩) ત્રિવિધ (૬) સગો (૮) દુર્ઘર્ષ (૧૦) નારાચ (૧૨) કણક (૧૫) ઘર (૧૬) પાલીતાણા (૧૮) રિપુ (૧૯) કમળ (૨૦) પાટી (૨૧) અમર (૨૩) મલમ (૨૫) પરાસ્ત (૨૭) વરખ (૨૯) રમા (૩૦) ધાણ (૩૧) લબ્ધ (૩૨) લસણ. **ઉભી ચાવી:** (૧) યદુ (૨) વર્ધક (૪) વિના (૫) ધરા (૭) ગોળધાણા (૯) ર્ષણધ(ધર્ષણ) (૧૧) ચકલી (૧૩) કરકટી (૧૪) થોરિયમ (૧૬) પાળ (૧૭) તાલીમ (૨૦) પામર (૨૧) અસ્ત (૨૨) રમમાણ (૨૪) લવણ (૨૬) રાશ (૨૮) ખલ (૨૯) રસ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૩૦ | ૧૮૫૦ |
| ઘઉં લોક્વન | ૪૦૫ | ૫૦૩ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૫૫ |
| જુવાર સફેદ | ૧૦૬૦ | ૧૧૩૫ |
| જુવાર લાલ | ૯૦૦ | ૧૦૫૦ |
| જુવાર પીળી | ૪૪૦ | ૪૯૦ |
| બાજરી | ૩૫૧ | ૫૩૬ |
| મકાઇ | ૩૪૦ | ૪૩૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૬૨ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૦૫ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૮૯૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૮૨૦ |
| મગ | ૧૧૫૦ | ૧૭૭૫ |
| વાલ દેશી | ૫૮૫ | ૬૯૦ |
| ચોળી | ૯૦૦ | ૧૬૬૩ |
| વટાણા | ૬૦૦ | ૯૦૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૬૪ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૨૨૩૦ |
| મગફળી જાડી | ૧૧૬૦ | ૧૫૬૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૨૫ |
| તલી | ૨૩૭૫ | ૨૫૫૦ |
| સુરજમુખી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| એરંડા | ૧૨૬૨ | ૧૩૫૯ |
| અજમો | ૨૩૬૫ | ૨૮૦૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૬૧૨ |
| સીંગફાડા | ૧૪૫૦ | ૧૭૦૦ |
| કાળા તલ | ૨૨૭૫ | ૩૮૦૦ |
| લસણ | ૧૨૨૫ | ૨૪૦૦ |
| ધાણા | ૨૪૫૧ | ૨૯૨૫ |
| ધાણી | ૨૫૦૦ | ૨૯૭૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૨૦૭૪ |
| જીરૂ | ૩૪૫૧ | ૪૦૫૧ |
| રાય | ૧૪૦૦ | ૧૬૪૦ |
| મેથી | ૯૦૦ | ૧૭૯૦ |
| ઇસબગુલ | ૧૫૧૨ | ૨૦૭૦ |
| ક્લોંજી | ૩૧૦૫ | ૩૫૯૦ |
| રાયડો | ૧૨૨૦ | ૧૪૨૦ |
| રજકાનું બી | ૫૨૦૦ | ૯૬૭૫ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૩ | ૬૧૪ |
| લીંબુ | ૬૬૪ | ૧૩૪૨ |
| પપૈયા | ૧૦૫ | ૨૫૨ |
| બટેટા | ૮૪ | ૨૯૭ |
| ડુંગળી સુકી | ૧૮૧ | ૪૬૫ |
| ટમેટા | ૪૫૧ | ૮૨૪ |
| સુરણ | ૮૦૫ | ૧૦૩૩ |
| કોથમરી | ૧૧૧૪ | ૧૬૨૩ |
| રીંગણા | ૧૭૮ | ૪૪૫ |
| કોબીજ | ૧૨૫ | ૩૧૪ |
| ફ્લાવર | ૩૫૮ | ૬૬૯ |
| ભીંડો | ૩૩૬ | ૭૫૩ |
| ગુવાર | ૪૨૧ | ૧૨૩૫ |
| ચોળાસીંગ | ૫૬૧ | ૧૨૨૩ |
| ટીંડોળા | ૩૭૭ | ૮૫૪ |
| દુધી | ૨૫૪ | ૪૫૨ |
| કારેલા | ૩૬૧ | ૬૮૮ |
| સરગવો | ૫૧૨ | ૧૦૨૧ |
| તુરીયા | ૫૦૨ | ૭૨૫ |
| પરવર | ૪૧૮ | ૬૬૩ |
| કાકડી | ૨૮૬ | ૧૦૨૪ |
| ગાજર | ૨૬૯ | ૫૨૬ |
| વટાણા | ૧૪૧૯ | ૧૬૩૨ |
| ગલકા | ૩૧૬ | ૪૮૭ |
| બીટ | ૩૦૧ | ૫૧૩ |
| મેથી | ૧૫૧૨ | ૨૫૨૪ |
| ડુંગળી લીલી | ૧૩૭૮ | ૧૮૭૧ |
| આદુ | ૨૦૩૪ | ૩૩૮૦ |
| મરચા લીલા | ૭૩૧ | ૯૫૨ |
| મકાઇ લીલી | ૧૮૫ | ૩૬૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૭૮૬ |
| ઘઉં લોક્વન | ૪૯૨ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૪૪૬ | ૫૭૮ |
| મગફળી જીણી | ૧૨૫૧ | ૧૯૨૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૧૦૦ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૨૧ |
| એરંડા / એરંડી | ૧૨૬૧ | ૧૩૮૧ |
| જીરૂ | ૨૨૦૧ | ૪૦૮૧ |
| ક્લંજી | ૧૧૦૧ | ૩૫૨૧ |
| વરીયાળી | ૪૨૬ | ૪૨૬ |
| ધાણા | ૨૩૫૧ | ૨૯૯૧ |
| લસણ સુકું | ૧૦૭૧ | ૨૩૫૧ |
| ડુંગળી લાલ | ૧૮૧ | ૪૯૬ |
| અડદ | ૩૦૦ | ૧૭૫૧ |
| મઠ | ૫૦૦ | ૫૦૦ |
| તુવેર | ૯૦૧ | ૧૫૦૧ |
| મેથી | ૯૦૧ | ૧૩૮૧ |
| કાંગ | ૪૮૧ | ૪૮૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૫૯૧ |
| સફેદ ચણા | ૧૦૭૧ | ૧૭૯૧ |
| તલ - તલી | ૧૭૫૧ | ૨૫૬૧ |
| ધાણી | ૨૫૫૧ | ૩૦૬૧ |
| જુવાર | ૯૫૧ | ૧૧૦૧ |
| મકાઇ | ૨૬૧ | ૪૮૧ |
| મગ | ૯૧૧ | ૧૭૪૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૬ |
| વાલ | ૩૩૧ | ૯૬૧ |
| ચોળા / ચોળી | ૨૫૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૧૦૫૬ | ૧૭૮૬ |
| અરીઠા | ૫૦૦ | ૫૦૦ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| વટાણા | ૪૫૧ | ૯૨૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૬૦૦ |
| કોબી | ૧૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૬૦ |
| ફ્લાવર | ૧૮૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૧૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૬૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૨૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૨ |
| કોથમીર પુરા | ૫ | ૮ |
| પરવર | ૯૦૦ | ૧૧૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૯૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૯૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૫ |
| બીટ પુરા | ૯ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૩૮૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૧૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૧ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૧૦ | ૧૩૫૦ |
| શિંગદાણા | ૧૫૦૦ | ૨૪૩૦ |
| શિંગદાણા ફાડા | ૮૩૦ | ૧૭૪૫ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૬૫૫ |
| તલ કાળા | ૨૧૩૦ | ૪૧૦૦ |
| તલ કાશમીરી | ૧૮૦૦ | ૨૪૭૦ |
| બાજરો | ૪૭૫ | ૪૭૫ |
| જુવાર | ૪૩૫ | ૮૬૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૪૦ |
| ઘઉં લોક્વન | ૪૭૫ | ૫૩૫ |
| અડદ | ૧૦૯૫ | ૧૬૭૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૫૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૫૫ |
| સફેદ ચણા | ૧૦૧૦ | ૧૧૬૫ |
| છોલે ચણા | ૮૯૦ | ૧૧૧૫ |
| તુવેર | ૭૫૦ | ૧૪૨૫ |
| વાલ | ૧૧૫૫ | ૧૬૦૦ |
| કપાસ | ૧૦૯૦ | ૧૯૩૦ |
| એરંડા | ૧૨૮૦ | ૧૩૪૦ |
| જીરૂ | ૨૩૦૦ | ૩૬૫૦ |
| ધાણી | ૨૧૦૦ | ૨૯૫૫ |
| અજમા | ૨૪૦૦ | ૨૫૮૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૪૬૫ |
| સોયાબીન | ૧૧૨૫ | ૧૫૫૫ |
| કલોજી | ૨૯૦૫ | ૨૯૦૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૫૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શક્કરીયા | ૫૩૦ | ૬૪૦ |
| ટમેટાં | ૭૦૦ | ૭૫૦ |
| સુરણ | ૮૩૦ | ૯૩૦ |
| ગાજર | ૫૮૦ | ૬૯૦ |
| દુધી | ૨૪૦ | ૩૧૦ |
| કારેલા | ૬૦૦ | ૬૮૦ |
| ગલકા | ૩૩૦ | ૪૬૦ |
| કાકડી | ૬૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૮૫૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૬૨૦ | ૭૯૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ફોદીનો | ૫૩૦ | ૬૩૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૮૦ | ૪૯૦ |
| સરગવો | ૮૨૦ | ૯૧૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૧૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૫૦૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૨૦૦૦ | ૨૩૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૧૦ |
| લીબુ | ૪૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૫૦ | ૧૪૪૨ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૮૨ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૮૫૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૧૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૮૨૩ |
| ઘઉં લોક્વન | ૪૭૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૪૦ |
| બાજરો | ૪૦૦ | ૫૪૦ |
| જુવાર | ૪૦૦ | ૧૦૮૦ |
| મકાઈ | ૪૨૫ | --- |
| મગ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૮૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ઘઉં | ૪૫૩ | ૪૬૫ |
| ચણા | ૯૩૦ | ૧૦૫૦ |
| તલ કાળા | ૨૫૬૦ | ૩૪૦૦ |
| શીંગ ફાડા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| શીંગ દાણા | ૧૭૩૦ | ૨૦૧૦ |
| ચોળી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ધાણા | ૨૦૧૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૧૨૮૫ | ૧૨૮૫ |
| **બગસરા** | | |
| ઘઉ લોક્વન | ૪૫૦ | ૪૯૦ |
| ઘઉ ટુકડા | ૪૯૦ | ૪૯૦ |
| ચણા | ૧૦૪૦ | ૧૧૨૬ |
| ધાણા | ૨૩૩૦ | ૨૭૭૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૭૦ |
| મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૧૩૧૨ | ૧૪૨૧ |
| તુવેર | ૧૧૯૦ | ૧૨૪૦ |
| મગ | ૧૫૫૦ | ૧૬૬૦ |
| તલકાળા | ૨૩૦૦ | ૨૩૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૩૦૦ | ૩૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૭૧૦ | ૧૮૦૦ |
| કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૨૦ |
| મગફળી | ૧૧૪૦ | ૧૨૪૦ |
| તલ સફેદ | ૨૦૧૦ | ૨૧૫૦ |
| જીરૂ | ૩૨૩૦ | ૩૭૭૦ |
| ચણા | ૧૧૧૫ | ૧૧૪૦ |
| ઘઉં | ૫૦૧ | ૫૧૩ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૧ | ૧૭૧૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૯૬ |
| મગ | ૮૦૧ | ૧૬૧૬ |
| ચણા | ૮૫૧ | ૧૧૦૧ |
| તુવેર | ૭૦૧ | ૧૩૫૬ |
| મગફળી | ૯૩૬ | ૧૦૩૬ |
| શિંગ ફાડા | ૧૫૦૧ | ૨૦૧૬ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૩૫૭૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૫૭૧ |
| મેથી | ૧૦૦૧ | ૧૨૨૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૮૯૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૩૫૧ |
| એરંડા | ૮૦૦ | ૮૦૦ |
| અડદ | ૯૦૧ | ૧૩૯૬ |
| **મહુવા** | | |
| શીંગ ઉનાળુ મગડી | ૧૪૭૦ | ૧૪૭૦ |
| શીંગ ૩૨ | ૧૨૫૬ | ૧૨૫૬ |
| શીંગ જી-૨૦ | ૧૩૪૪ | ૧૩૪૪ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૪૦૨ | ૧૧૩૩ |
| બાજરી | ૪૪૨ | ૫૨૩ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૫૨૪ |
| મકાઈ | ૩૬૦ | ૩૬૦ |
| અડદ | ૩૦૦ | ૧૮૦૦ |
| મગ | ૧૨૫૧ | ૧૮૦૦ |
| મેથી | ૯૬૦ | ૧૨૩૦ |
| ચણા | ૮૨૪ | ૧૧૫૨ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૬૫૧ |
| તલ કાળા | ૧૩૦૦ | ૩૮૭૧ |
| તુવેર | ૧૧૩૦ | ૧૪૨૮ |
| ડુંગળી લાલ | ૭૩ | ૫૨૦ |
| ડુંગળી સફેદ | ૨૦૬ | ૪૪૬ |
| કપાસ શંકર | ૯૫૫ | ૧૬૨૯ |
| નાળીયેર | ૫૬૬ | ૨૪૯૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૨૫ | ૧૧૩૦ |
| બાજરો | ૩૧૫ | ૫૦૦ |
| ઘઉં | ૩૫૦ | ૫૦૯ |
| મગ | ૧૫૦૦ | ૧૭૩૦ |
| અડદ | ૭૦૦ | ૭૩૦ |
| તુવેર | ૩૦૦ | ૧૩૮૫ |
| ચોળી | ૩૦૦ | ૩૬૫ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૩૦ |
| તલ | ૧૫૦૦ | ૨૬૩૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૬૦૦ |
| રાયડો | ૭૫૦ | ૧૩૩૫ |
| લસણ | ૮૦૦ | ૨૯૨૫ |
| કપાસ | ૯૦૦ | ૧૬૯૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૦૫ |
| અજમો | ૨૪૦૦ | ૩૭૯૫ |
| અજમા ની ભૂસી | ૪૫ | ૨૮૫૫ |
| ધાણા | ૧૮૦૦ | ૨૪૦૫ |
| ડુંગળી સૂકી | ૨૫૦ | ૫૬૦ |
| વટાણા | ૨૭૫ | ૬૮૦ |
| કલોંજી | ૭૦૦ | ૩૫૩૫ |
| રાજમા | ૫૦૦ | ૮૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૯૦૧ | ૩૦૦૦ |
| કપાસ | ૧૫૨૬ | ૧૭૦૦ |
| બાજરો | ૩૩૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૧૦ |
| જુવાર | ૬૯૦ | ૧૧૯૧ |
| મગ | ૧૫૭૫ | ૧૬૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૭૧ |
| તુવેર | ૧૧૭૪ | ૧૩૫૫ |
| ચણા | ૭૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૧૦૫૦ | ૧૧૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## વરસાદને કારણે નદી-નાળા અને ચેકડેમ છલકાયા

# અમરેલી જિલ્લામાં રેડ એલર્ટ: વડિયા, લાઠી પંથકમાં ધોધમાર વરસાદ

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં હવામાન વિભાગની આગાહીના પગલે ભારેથી અતિભારે વરસાદ વરસતા સમગ્ર જિલ્લામાં ચોમાસાએ જોર પકડ્યું છે. જિલ્લામાં સવારથી જ વરસાદી વાતાવરણ છવાઈ ગયું હતું અને અનેક તાલુકાઓમાં સારા વરસાદના કારણે જનજીવન પર અસર જોવા મળી હતી. જિલ્લાના વિવિધ ગામો અને શહેરોમાં સતત વરસેલા વરસાદને કારણે માર્ગો પર પાણી ફરી વળ્યા હતા અને લોકોને અવરજવર કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.વડિયા તાલુકાના મોરવાડા, તોરી, રામપુર, ખાન ખીજડિયા, ખાખરીયા અને અરજણસુખપુર સહિતના ગામોમાં સારો વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા અને ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. બીજી તરફ લાઠી શહેરમાં ધોધમાર


તસવીર : જગદીશ ખેર

વરસાદ પડતા મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બગસરા, જાફરાબાદ,લીલીયા, બાબરા, દામનગર, ભટવદર, ભુરખિયા, રાભડા, પ્રતાપગઢ, છભાડીયા અને ભીંગરાડ સહિતના વિસ્તારોમાં પણ સારો વરસાદ નોંધાયો હતો. સતત વરસાદના કારણે અનેક રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. નદીઓ, ચેકડેમ અને નાળાઓમાં નવા નીરની આવક થતાં જળસ્તરમાં વધારો થયો હતો અને અનેક સ્થળોએ પાણી છલકાઈ ઉઠ્યા હતા. વરસાદના કારણે આસપાસના વિસ્તારોમાં કુદરતી સૌંદર્ય પણ ખીલી ઉઠ્યું હતું.જિલ્લા તંત્ર દ્વારા લોકોને અનાવશ્યક બહાર ન નીકળવા, નદી અને નાળાઓની નજીક ન જવા તેમજ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે અને જરૂરી તમામ તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

### જાફરાબાદ બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ, માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના

અમરેલી જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી વરસાદી માહોલ વચ્ચે હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીને પગલે જાફરાબાદ બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. રેડ એલર્ટ જાહેર થતાં તંત્રે માછીમારોને દરિયો ન ખેડવા કડક સૂચના આપી છે. સાથે જ જાફરાબાદના કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં આવેલા ગામોના લોકોને પણ દરિયા કિનારે ન જવા અપીલ કરવામાં આવી છે. આગામી દિવસોમાં પવનની ગતિમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે બંદર અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. તંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને લોકોને જરૂરી સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કર્યો છે.

# કોડીનારમાં ચોમાસામાં વારંવાર વીજળી જતા શહેરીજનોમાં આક્રોશ

કોડીનાર,તા.૦૩

ગીર પંથકમાં લાંબા ઈંતજાર બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં કોડીનારમાં આજે ૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. જોકે સીઝનના પ્રથમ જ સારા વરસાદે વીજ વિભાગની પ્રી-મોન્સૂન કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે. ગઈ રાત્રિથી શરૂ થયેલા વરસાદ દરમિયાન શહેર અને આસપાસના વિસ્તારોમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાયો હતો. અંદાજે ૨૦ કલાકમાં ટુકડે-ટુકડે પાંચથી છ કલાક સુધી વીજળી ગુલ રહેતા શહેરીજનો, વેપારીઓ અને વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સતત વીજળી આવતી-જતી રહેતાં વોલ્ટેજમાં વધઘટ સર્જાઈ હતી, જેના કારણે ટીવી, ફ્રિજ, કોમ્પ્યુટર અને અન્ય વીજ ઉપકરણોને નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી હતી. વેપારીઓએ ધંધા પર અસર પડી હોવાનું જણાવ્યું હતું.

# સારહી તપોવન આશ્રમ ખાતે તપેશ્વર મહાદેવ મંદિરનો પ્રથમ પાટોત્સવ યોજાયો

અમરેલી,તા.૦૩

અમરેલીના સારહી તપોવન આશ્રમ ખાતે તપેશ્વર મહાદેવ મંદિરનો પ્રથમ પાટોત્સવ તા. ૨૫ જૂન ૨૦૨૬ના રોજ ધાર્મિક ભાવના સાથે ઉજવાયો. મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને એક વર્ષ પૂર્ણ થતા લઘુરુદ્ર યજ્ઞ અને ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સારહી યુથ ક્લબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશ સંઘાણી



પરિવાર સાથે યજમાન તરીકે જોડાયા હતા. બ્રાહ્મણો દ્વારા વેદોક્ત અને શાસ્ત્રોક્ત વિધી મુજબ સમગ્ર પાટોત્સવ સંપન્ન કરવામાં આવ્યો. કાર્યક્રમમાં તપોવન આશ્રમના તપસ્વીઓ, સારહી પરિવારના સભ્યો તેમજ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી લોકો હાજર રહ્યા હતા. સૌએ મહાદેવના દર્શન કરી યજ્ઞમાં આહુતિ આપી અને આશીર્વાદ મેળવ્યા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ જોવા મળ્યુ હતુ અને ઉપસ્થિત લોકોએ ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો. આશ્રમ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

# બગસરા-શાપર જવાના માર્ગ પર એસ.ટી.ફસાઈ

બગસરા,તા.૦૩



બગસરાથી શાપર જવાના માર્ગ પર એસ.ટી.બસ ફસાઈ જતા મુસાફરો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અત્રે નોંધનીય છે કે, આ માર્ગનું નવીનીકરણ કરવા માટે ગ્રામજનોએ રસ્તારોકો આંદોલન કરવાની ફરજ પડી હતી આમ છતાં નિર્ભર તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં ન આવતા ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

# કોડીનાર-અમરેલી હાઈવે પર વડનું વૃક્ષ ધરાશાયી, વાહનવ્યવહાર કલાકો સુધી ઠપ્પ

કોડીનાર,તા.૦૩

કોડીનાર પંથકમાં છેલ્લા બે દિવસથી સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે આજે વહેલી સવારે કોડીનાર-અમરેલી સ્ટેટ હાઈવે પર એક વિશાળ વડનું વૃક્ષ અચાનક ધરાશાયી થતા માર્ગ સંપૂર્ણ બંધ થઈ ગયો હતો.

જેના કારણે કોડીનાર-અમરેલી અને આસપાસના


તસવીર : કુલદીપ પાઠક

૩૦થી ૩૫ ગામો વચ્ચેનો વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. માર્ગની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી હતી અને વિદ્યાર્થીઓ, નોકરિયાતો, વેપારીઓ સહિત અનેક લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતા ભાજપ પરિવાર હેલ્પ સેન્ટરના કાર્યકરો અને સ્થાનિક તંત્ર સ્થળ પર દોડી આવ્યું હતું. બે જેસીબીની મદદથી વૃક્ષ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. વરસાદી પરિસ્થિતિમાં લોકોને તાત્કાલિક મદદ મળી રહે તે માટે ૨૪ કલાક હેલ્પલાઈન સેવા પણ શરૂ કરવામાં આવી છે.

# IFFCOના ચેરમેન દિલીપભાઈ સંઘાણી જર્મની સ્થિત આંતરરાષ્ટ્રીય સહકારી સંગઠનના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ચૂંટાયા

અમરેલી,તા.૦૩

IFFCOના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી લક્ઝમબર્ગમાં યોજાયેલી ચૂંટણીમાં જર્મની સ્થિત આંતરરાષ્ટ્રીય સહકારી સંગઠનના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ચૂંટાયા છે.

આ મહત્વપૂર્ણ સિધ્ધિ ભારતીય સહકારી ચળવળની વૈશ્વિક માન્યતા અને તેના



વધી રહેલા પ્રભાવનું પ્રતીક છે. નોંધનીય છે કે, IFFCO તાજેતરમાં જ આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સંગઠનનું સભ્ય બન્યું છે. સંઘાણીને આ મોટી વૈશ્વિક જવાબદારી સંભાળવા બદલ શુભેચ્છકો તરફથી હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## જી.અમરેલી,તા.સાવરકુંડલાના મોજે ગામ ઘોબાનાં ખેડ ખાતા નં.૧૨૫નાં (૧) રે.સ.નં.૨૧૭ પૈકી ૧ (૨) રે.સ.નં.૨૧૮ પૈકી ૧(૩) ૨૧૯ પૈકી ૧ વાળી ખેતીની જમીનના વેચાણ બાબતની

### જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા અને હિત ધરાવનારાઓ તમામ ને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ અમરેલી, તા.સાવરકુંડલા, મોજે ગામ ઘોબાના ખેડ ખાતા નં. ૧૨૫ નાં (૧) રે.સ.નં. ૨૧૭ પૈકી ૧નાં કુલ હે.આરે. ૧–૩૯–૧૧ ચો.મી. જેનો આકાર: રૂા.૭–૭૨ પૈસા (૨) રે.સ.નં. ૨૧૮ પૈકી ૧ નાં કુલ હે.આરે૫૧-૧૫-૩૩ ચો.મી. જેનો આકાર: રૂા.૭-૫૦ પૈસા (૩) રે.સ.નં. ૨૧૯ પૈકી ૧ નાં કુલ હે.આરે.૧–૨૯–૫૦ ચો.મી. જેનો આકાર રૂા.૮-૪૦ પૈસા વાળી જુની શરતની ખેતીલાયક જમીન સોલંકી વલ્લભભાઈ વાલાભાઈની સ્વતંત્ર માલિકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી અને તમામ પ્રકારના હક્ક અને અધિકારો હોવાનું જણાવતા ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીન અમારા અસીલ એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે. ટુંક સમયમાં અમારા અસીલ સદરહું મીલ્કતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી સદરહું મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેના સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક તરીકે સદરહું મિલ્કત ખેતી લાયક જમીન સબંધે, ટાઈટલ સબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સબંધે કોઈ વ્યકિત કે પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે સંસ્થા કે એસાઈનીઓ, વારસદારો, સરકારી–અર્ધ સરકારી કચેરી,શ્રોફ, ટ્રસ્ટ વિગેરે કોઈપણનો કોઈપણ જાતને લાગ–ભાગ, દર–દાવો કેહકક, હિત હિસ્સો, ભરણપોષણનો હક્ક, વારસાઈ હક્ક હોય તો તેમણે આ નોટસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦(દસ)માં અમારી ઓફિસે લેખિતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત દર-મ્યાન જો કોઈ વાંધા તકરાર નહી આવે તો કોઈનો આ જમીનમાં કોઈપણ જાતનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (Waive) કરેલ છે તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. તેમજ ત્યાર બાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા–તકરારો અમારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદકર્તા તરીકે બંધનકર્તા રહેશે નહિ. તેમજ સદરહું મિલ્કતનો (ખેડવાણ ખેતીની જમીનનો) વેચાણ દસ્તાવેજ કરાવી લેશે જેની સર્વે લાગતા– વળગતાઓએ સ્પષ્ટ પણે નોંધ લેવી.

સ્થળ: લાઠી
તારીખ: ૦૩/૦૭/૨૦૨૬
ઓફીસ–શ્રી વર્ધમાન ચેમ્બર્સ, મેઈન બઝાર,
જુની શાકમાર્કેટ સામે, ભોળીયા હનુમાનજી
મંદિરની બાજુમાં, મુ.લાઠી, તા. લાઠી,
જી. અમરેલી–૩૬૫૪૩૦

અમારા અસીલની ફરમાઈશ અને સુચનાથી
અમારી મારફત
ચંદ્રેશ પી.તુરખીયા
(તે ખરીદનારના એડવોકેટ)

## રાજ્યના ઊર્જા મંત્રી કૌશિક વેકરીયાના હસ્તે

# અમરેલીમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્રનો પ્રારંભ

અમરેલી,તા.૦૩

અમરેલી શહેરમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમના ઉત્પાદનો માટે



યોગ્ય બજાર મળે અને નાગરિકોને શુધ્ધ, સાત્વિક તેમજ ઝેરમુક્ત કૃષિ ઉત્પાદનો સરળતાથી મળી રહે તે હેતુથી પ્રાકૃતિક કૃષિ ઉત્પાદિત વસ્તુઓના વેચાણ કેન્દ્રનો પ્રારંભ રાજ્યના ઊર્જા અને કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યો હતો. નવા બસ સ્ટેન્ડ ખાતે નાગનાથ મહાદેવ મંદિર પાસે આ કેન્દ્ર શરૂ કરાયું છે. અહીં પ્રાકૃતિક પધ્ધતિથી ઉત્પાદિત અનાજ, કઠોળ, શાકભાજી, મસાલા, તેલ, ગોળ સહિતની વિવિધ ચીજવસ્તુઓનું સીધું વેચાણ કરવામાં આવશે. ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને આરોગ્યપ્રદ ઉત્પાદનો મળશે જ્યારે ખેડૂતોને વાજબી ભાવ મળશે. વેચાણ કેન્દ્ર દરરોજ સવારે ૮થી ૧૧ અને સાંજે ૪થી ૮ વાગ્યા સુધી કાર્યરત રહેશે. આ પ્રસંગે જિલ્લા અને નગરપાલિકાના અધિકારીઓ તેમજ ખેતીવાડી વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## CHANGE OF NAME

I Undersign I GOHIL DHRUVKUMAR PRAKASHBHAI have changed my name from GOHIL DHRUV PRAKASHKUMAR To GOHIL DHRUVKUMAR PRAKASHBHAI (New) Now i will be known as GOHIL DHRUVKUMAR PRAKASHBHAI (new)
Sign : GOHIL DHRUVKUMAR PRAKASHBHAI
Address : BAGICHA PLOT, STATION ROAD, AT-LATHI - 365430. DIST GUJARAT INDIA

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.208/2026
જન્મ તારીખ : 08/10/1979

વીરાભાઈ રામભાઈ સોલંકી,
રહે.મુળ દ્વારકા, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-મુળ દ્વારકા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વીરાભાઈ રામભાઈ સોલંકી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રામ સવાભાઈ સોલંકી તથા જેઠીબેન રામભાઈ સોલંકી ના પુત્ર કમલેશ રામ સોલંકીનો જન્મ તારીખ.08/10/1979ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૬૫/૨૦૨૬

અરજદારશ્રી:- મનુભાઈ વશરામભાઈ ખાંભલ્યા,
રે.જુના સાવર તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તકમશ્રી, જુના સાવર, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના મોટાબાપુ વિરાભાઈ પાંચાભાઈ ખાંભલ્યાનું મરણ તા.૨૯/૦૯/૧૯૯૮ ના રોજ મુ.જુના સાવર તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

જાહેર નોટીસ

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-

અરજી નં.૧૮૯/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૬/૧૯૭૬

શ્રી મુનાવરહુસેન સૈયદભાઈ કાદરી,
રહે.કોર્ટ વિસ્તાર, ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એ.હાલાઈ તથા જી.એમ.મુંજાવર ગની માર્કેટ,
સહજાનંદ કોમ્પ્લેક્સ, બીજો માળ, દુકાન નં.૧૦ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના,
નગરપાલીકા, ઉના, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ..........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી મુનાવરહુસેન સૈયદભાઈ કાદરી રહે. કોર્ટ વિસ્તાર, ઉના, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના બહેન શાબીરાબાનુ સૈયદહુસેન કાદરીનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૭૬ ના રોજ ઉના તાલુકાના ઉના મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. /૦૬/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૬૫/૨૦૨૬ તા.૩૦/૦૬/૨૦૨૬

શ્રી ઓસમાણભાઈ ગફારભાઈ કાળવાતર
રહે. મોણીયા, તા. વિસાવદર, જી.જુનાગઢ ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
મોણીયા, તા.વિસાવદર ........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ઓસમાણભાઈ ગફારભાઈ કાળવાતર રહે. મોણીયા તા. વિસાવદર, જી.જુનાગઢ એ તેમનો જન્મ તા.૧૧/૦૮/૧૯૬૬ ના રોજ વિસાવદર તાલુકાના મોણીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોણીયા, તા. વિસાવદરના જન્મ-મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોણીયા, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ જુન ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન. ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

# ઈટાહમાં પાર્ક કરેલી રોડવેઝ બસને ટ્રકની ટક્કર, ૫નાં મોત, ૧ ૨ ઘાયલ



લખનૌ,તા.૦૩

ઉત્તર પ્રદેશના ઈટાહ જિલ્લામાં હાઈવે પર ઉભેલી રોડવેઝ બસને પાછળથી કન્ટેનર ટ્રકે ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં પાંચ મુસાફરોના મોત થયા છે, જ્યારે ૧૨ લોકો ઘાયલ થયા હોવાનું પોલીસે જણાવ્યું છે. માહિતી મુજબ બસમાં યાંત્રિક ખામી સર્જાતા તેને રસ્તાની બાજુમાં ઉભી રાખી સમારકામ કરવામાં આવી રહ્યું હતું. કેટલાક મુસાફરો બસની અંદર બેઠા હતા, જ્યારે અન્ય મુસાફરો બહાર ઉભા હતા. તે દરમિયાન ઝડપથી આવતી કન્ટેનર ટ્રક બસ સાથે પાછળથી અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બસ આશરે ૨૦૦ મીટર સુધી ખેંચાઈ ગઈ હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ચાર લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે સારવાર દરમિયાન વધુ એક વ્યક્તિનું મોત થયું હતું. હાલ ૧૨ ઘાયલો સારવાર હેઠળ છે, જેમાં કેટલાકની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. બાગવાલા પોલીસ સ્ટેશનના અધિકારીઓએ જણાવ્યું કે ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે અને ટ્રક ચાલક સામે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# પાકિસ્તાનમાં બસ ખીણમાં ખાબકતા ૪૦થી વધુના મોત



ઈસ્લામાબાદ,તા.૦૩

પાકિસ્તાનમાંથી એક અત્યંત દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. બલૂચિસ્તાન પ્રાંતમાં મુસાફરોથી ભરેલી એક બસ ઊંડી ખાઈમાં ખાબકતા ૪૦ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે, જ્યારે ૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ દુર્ઘટના બલૂચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વા સરહદ નજીક આવેલા શેરાની જિલ્લાના ધનસાર વિસ્તારમાં બની હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ બસ શુક્રવારે ધનસાર વિસ્તારમાંથી ડેરા ઈસ્માઈલ ખાન તરફ જઈ રહી હતી. રસ્તામાં અચાનક ડ્રાઈવરે બસ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બસ સીધી ઊંડી ખાઈમાં જઈ પડી હતી. ઘટનાની જાણ થતા જ બચાવ અને રાહત ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઘાયલોને બહાર કાઢીને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બલૂચિસ્તાન સરકારના મીડિયા અને રાજકીય બાબતોના સલાહકાર શાહિદ રિંદે જણાવ્યું કે પ્રાથમિક અહેવાલ મુજબ ૪૦ લોકોના મોત થયા છે અને ૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મુખ્યમંત્રી સરફરાજ બુગતીના આદેશ બાદ રાહત કામગીરી ઝડપી બનાવવામાં આવી છે.

# હિતેશ વ્યાસને રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ: ગુજરાત પોલીસનું ગૌરવ વધાર્યુ



નવીદિલ્હી,તા.૦૩

નવી દિલ્હી ખાતે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા ૨૬મી ઓલ ઈન્ડિયા કોન્ફરન્સ ઓફ ડાયરેક્ટર્સ ઓફ ફિંગરપ્રિન્ટ બ્યુરો યોજાઈ હતી. જેમાં ગુજરાતમાંથી પ્રથમવાર ફિંગરપ્રિન્ટના આધારે શ્રેષ્ઠ ક્રાઈમ ડિટેક્શનના ૮ કેસ નેશનલ લેવલે પસંદગી પામ્યા હતા. જૂનાગઢ રેન્જના (અમરેલી) સિનિયર ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ હિતેશકુમાર એ. વ્યાસે આ કોન્ફરન્સમાં અમરેલીના કેસનું સફળ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમના આ ઉત્કૃષ્ટ કાર્ય બદલ સમગ્ર દેશમાં ત્રીજો ક્રમ મેળવી એવોર્ડ અને પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે.

# વડાપ્રધાન મોદીની આજે ગુજરાત અને રાજસ્થાન મુલાકાતે, રૂ. ૧.૦૬ લાખ કરોડના પ્રોજેક્ટ્સની ભેટ આપશે

અમદાવાદ,તા.૦૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ રાજસ્થાન અને ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ જોધપુર એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે, જે રૂ. ૪૮૦ કરોડના ખર્ચે તૈયાર થયું છે અને રાજસ્થાનના શાહી વારસાની ઝાંખી કરાવે છે. આ સાથે તેઓ આગામી ૧૦ વર્ષ માટે રૂ. ૨૮,૮૪૦ કરોડની ફાળવણી ધરાવતી 'મોડિફાઈડ યુડીએએન' (ઉડાન) યોજનાનો શુભારંભ કરાવશે, જે અંતર્ગત દેશમાં ૧૦૦ નવા એરોડ્રોમ્સ અને ૨૦૦ આધુનિક હેલિપેડ્સ વિકસાવવામાં આવશે. ત્યારબાદ તેઓ બાલોત્રા ખાતે રૂ. ૧.૦૬ લાખ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે, જેમાં



પચપદ્રા ખાતે રૂ. ૭૯,૪૫૦ કરોડના ખર્ચે બનેલું ભારતનું પ્રથમ ગ્રીનફિલ્ડ ઈન્ટીગ્રેટેડ રિફાઈનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ મુખ્ય છે.

સાંજે તેઓ ગુજરાતના સાણંદ ખાતે સીજી એસઈએમઆઈ આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ ફેસિલિટીનું ઉદ્ઘાટન કરી જનસભાને સંબોધિત કરશે. આ પ્રોજેક્ટ્સથી દેશના પ્રવાસન, વેપાર, ઉડ્ડયન અને રોજગાર ક્ષેત્રને મોટો વેગ મળશે.

# વડિયાના પુલ પર સુરક્ષા ગ્રીલ ન હોવાથી અકસ્માતનો ભય: તંત્ર સમક્ષ તાકીદની માંગ



વડિયા,તા.૦૩

વડિયા તાલુકામાં ભારે વરસાદને કારણે ઢૂંઢિયા પીપળીયા અને ખાન ખીજડિયા ગામની નદીઓમાં ઘોડાપૂર આવ્યું છે. આ પૂરથી સુરવો ડેમમાં નવા નીરની બમ્પર આવક થતાં ખેડૂતો ખુશ છે, પરંતુ સ્થાનિકોમાં અકસ્માતનો ભારે ભય છે. ઢૂંઢિયા પીપળીયા પાસે સુરવો નદીના પુલ પર સુરક્ષા ગ્રીલ કે રેલિંગ ન હોવાથી વાહનચાલકો અને રાહદારીઓનો જીવ જોખમમાં મુકાયો છે. કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં તંત્ર તાત્કાલિક ગ્રીલ લગાવે તેવી લોકમાંગ ઊઠી છે. ભાજપ અગ્રણી રવજીભાઈ ચુડાસમા અને ખેડૂત અગ્રણી વિનુભાઈ રાદડિયાએ આ અંગે તંત્ર સમક્ષ યુધ્ધના ધોરણે કામગીરી કરવા ઉગ્ર રજૂઆત કરી છે.

# ગીરગઢડાના નગડિયામાં નબળા મધ્યાહન ભોજનના વિરોધમાં વિદ્યાર્થીઓનો શિક્ષણ બહિષ્કાર



ગીરગઢડા,તા. ૦૩

ગીરગઢડા તાલુકાના નગડિયા ગામની પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજનમાં નબળી ગુણવત્તાના ચોખા અને તુવેર દાળ અપાતા વિવાદ વકર્યો છે. આ દૂષિત અનાજના વિરોધમાં શાળાના તમામ ૪૯ વિદ્યાર્થીઓએ સતત બીજા દિવસે પણ અભ્યાસનો બહિષ્કાર કર્યો હતો.સ્થાનિક વાલીઓ અને તાલુકા પંચાયતના પ્રતિનિધિ હરેશ બલદાણીયાએ આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હતી. જોકે, ગ્રામજનોનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા નબળો જથ્થો મોકલનાર કૌભાંડીઓને છાવરવાના પ્રયાસો થઈ રહ્યા છે. તંત્ર તરફથી કોઈ સંતોષકારક ઉકેલ ન મળતા એસ.એમ.સી. **(SMC)** સમિતિ અને વાલીઓની તાકીદની બેઠક યોજાઈ હતી. જેમાં નિર્ણય લેવાયો કે જો ૨૪ કલાકમાં જવાબદારો સામે કડક પગલાં નહીં ભરાય, તો તમામ બાળકોના સામૂહિક એલ. સી. **(LC)** કઢાવી તેમને ખાનગી શાળામાં દાખલ કરી દેવામાં આવશે.બે દિવસથી શિક્ષણ ઠપ હોવા છતાં શિક્ષણ વિભાગનો કોઈ અધિકારી ફરક્યો નથી.

# આંતકવાદ બંધ નહી થાય ત્યાં સુધી સિંધુ જળસમજૂતી અંગે ચર્ચા નહી: ભારત

નવી દિલ્હી,તા.૦૩

સિંધુ જળ સમજૂતીને સસ્પેન્ડ કર્યા બાદ ભારતે પાકિસ્તાનને વધુ એક વખત સ્પષ્ટ અને કડક સંદેશ આપ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે જ્યાં સુધી પાકિસ્તાન તરફથી સરહદ પારનો આતંકવાદ સંપૂર્ણપણે બંધ નહીં થાય ત્યાં સુધી સિંધુ જળ સમજૂતી અંગે કોઈપણ પ્રકારની ચર્ચા કરવામાં આવશે નહીં.

તેમણે ભારપૂર્વક કહ્યું કે હાલની સ્થિતિમાં કોઈ ફેરફાર કરવામાં નહીં આવે અને આતંકવાદ તથા વાતચીત બંને એકસાથે ચાલી શકે નહીં. ભારત પોતાની રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવા તૈયાર નથી.તાજેતરમાં પાકિસ્તાનના કેટલાક નેતાઓ અને સૈન્ય અધિકારીઓ દ્વારા ભારત વિરુધ્ધ કરવામાં આવેલા ભડકાઉ નિવેદનોના જવાબમાં ભારતે આ સ્પષ્ટ વલણ રજૂ કર્યું છે. ભારતે જણાવ્યું કે આતંકવાદને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓ ચાલુ રહેશે તો સંબંધોમાં સામાન્ય સ્થિતિની અપેક્ષા રાખી શકાય નહીં.

આ ઉપરાંત ચીન, મ્યાંમાર અને બાંગ્લાદેશ વચ્ચે પ્રસ્તાવિત આર્થિક કૉરિડોર અંગે પણ ભારતે સાવચેત અભિગમ અપનાવ્યો છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે આ સમગ્ર ઘટનાક્રમ અને તેની વ્યૂહાત્મક અસર પર સતત નજર રાખવામાં આવી રહી છે. ભારતના રાષ્ટ્રીય હિતો અને સુરક્ષાને અસર પહોંચાડે તેવી કોઈપણ પરિસ્થિતિ સર્જાશે તો જરૂરી તમામ પગલાં સમયસર લેવામાં આવશે.

# રથયાત્રા પહેલા ગુજરાત-મધ્યપ્રદેશમાંથી જૈશ-એ-મોહમ્મદના ૮ આંતકીઓ ઝડપાયા

અમદાવાદ,તા.૦૩

રથયાત્રા પહેલાં ગુજરાતમાં સુરક્ષા એજન્સીઓને મોટી સફળતા મળી છે. રાજ્યની આતંકવાદ વિરોધી દળે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા આઠ શખ્સોની ધરપકડ કરી છે.

સંયુક્ત કાર્યવાહી દરમિયાન ગુજરાત અને મધ્યપ્રદેશના વિવિધ વિસ્તારોમાંથી આ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ તમામ શખ્સો ગુજરાતમાં આતંકી નેટવર્ક ઉભું કરવા અને રાજ્યમાં અશાંતિ ફેલાવવાના પ્રયાસોમાં સક્રિય હતા.પૂછપરછ દરમિયાન અનેક મહત્વની વિગતો સામે આવી હોવાનું જાણવા મળ્યું છે.

તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી દેશ વિરોધી સાહિત્ય તેમજ અન્ય શંકાસ્પદ સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે.

સુરક્ષા એજન્સીઓ આ તમામ સામગ્રીનું ઝીણવટપૂર્વક પરીક્ષણ કરી રહી છે જેથી તેમના કાવતરાની સંપૂર્ણ માહિતી મળી શકે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં બનાસકાંઠા, પાટણ, નવસારી અને મધ્યપ્રદેશના દેવાસના રહેવાસીઓનો સમાવેશ થાય છે.

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નાયબ પ્રધાનમંત્રી બને તેવી સંભાવના**

# મોદી સરકારમાં કેબિનેટમાં ફેરફારની અટકળો તેજ

નવી દિલ્હી,તા.૦૩

કેન્દ્રની મોદી સરકારમાં ટૂંક સમયમાં કેબિનેટ ફેરફાર થવાની અટકળોએ જોર પકડ્યું છે. દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતીન નબીન અને સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ વચ્ચે લાંબી બેઠક યોજાતા રાજકીય ચર્ચા વધુ તેજ બની છે. અમિત શાહે ઓડિશાનો બે દિવસનો પ્રવાસ પણ રદ કર્યો હોવાનું સામે આવ્યું છે. કેન્દ્રીય મંત્રીઓને દિલ્હીમાં હાજર રહેવાનો સંદેશ આપવામાં આવ્યો છે, જ્યારે વિદેશ પ્રવાસે રહેલા નિર્મલા સીતારામન અને પિયુષ ગોયલ પણ પરત ફરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૬ જુલાઈથી વિદેશ પ્રવાસે જવાના હોવાથી ૫ જુલાઈએ કેબિનેટ વિસ્તરણ થઈ શકે તેવી ચર્ચા છે. રાજકીય વર્તુળોમાં



અમિત શાહને નાયબ વડાપ્રધાન બનાવવાની અટકળો ચાલી રહી છે. બીજી તરફ રાજનાથ સિંહને મહત્વની બંધારણીય જવાબદારી સોંપાઈ શકે તેવી ચર્ચા છે. સ્મૃતિ ઈરાની અને અનુરાગ ઠાકુરની ફરી મંત્રીમંડળમાં એન્ટ્રીની શક્યતા વ્યક્ત થઈ રહી છે. જતીન પ્રસાદ સહિત કેટલાક નવા ચહેરાઓને પણ તક મળી શકે છે.

નિતીન ગડકરીના ભવિષ્યને લઈને પણ અનેક અટકળો ચાલી રહી છે. જોકે કેબિનેટ ફેરફાર અંગે કેન્દ્ર સરકાર કે ભાજપ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# ખેડૂતો માટે રાજય સરકારનો મોટો નિર્ણય, જમીનના બજારભાવના બમણા દરે વળતર ચૂકવાશે

ગાંધીનગર, તા. ૦૩

રાજ્ય સરકારે ખેડૂતોની લાંબા સમયથી ચાલી રહેલી વીજ ટ્રાન્સમિશન ટાવર અને હાઈટેન્શન લાઈનના વળતરની માંગણીને ધ્યાનમાં રાખીને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે વિવિધ ખેડૂત સંગઠનો અને અસરગ્રસ્ત ખેડૂતો તરફથી સતત રજૂઆતો મળ્યા બાદ સરકાર દ્વારા છેલ્લા લગભગ ૧૨ દિવસ સુધી મેરેથોન બેઠકો યોજવામાં આવી હતી. નિર્ણયની આર્થિક અને વહીવટી અસરો અંગે વિસ્તૃત ચર્ચા કર્યા બાદ ખેડૂતોના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.નવી જોગવાઈ મુજબ હવે ખેડૂતોને જંત્રીના બમણા દરને બદલે જમીનના વર્તમાન બજારભાવના બમણા દરે વળતર ચૂકવવામાં આવશે. બજારભાવ નક્કી કરવા માટે એમઆરસી (માર્કેટ રેટ કમિટી)ની રચના કરવામાં આવશે, જેમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ, કંપનીના પ્રતિનિધિ, બંને પક્ષના વેલ્યુઅર અને જિલ્લા કલેક્ટરનો સમાવેશ થશે.સરકારે પાયાના વિસ્તારની ગણતરીમાં વધારાનો એક મીટર વિસ્તાર પણ સામેલ કરવાનો નિર્ણય કર્યો છે. અગાઉ ૪૦-૪૦-૨૦ના હપ્તામાં મળતું વળતર હવે એકસાથે અગાઉથી જ ચૂકવવામાં આવશે. નવા ધોરણ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં બજારભાવના ૩૦ ટકા, નગરપાલિકા વિસ્તારમાં ૪૫ ટકા અને મહાનગરપાલિકા વિસ્તારમાં ૬૦ ટકા વળતર મળશે. જે ખેડૂતોને જૂના નિયમ મુજબ વળતર મળ્યું છે પરંતુ કામ હજુ પૂર્ણ થયું નથી, તેઓને પણ નવા નિયમોનો લાભ મળશે. આ નિર્ણયથી રાજ્યના હજારો ખેડૂતોને સીધો આર્થિક લાભ મળશે.

# થાઈલેન્ડમાં ૧ ૧ વર્ષના બાળકે ટ્રક સાધુઓ પર ચડાવી દેતા ૯ના મોત



બેંગકોક, તા.૦૩

થાઈલેન્ડના ઉત્તરપૂર્વીય મુકદહાન પ્રાંતમાં ૧૧ વર્ષના છોકરાએ ચલાવેલી પિકઅપ ટ્રક યાત્રા પર જઈ રહેલા બૌધ્ધ સાધુઓના જૂથમાં ઘૂસી જતાં ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં કુલ ૯ સાધુઓના મોત થયા હતા, જ્યારે ૧૩ સાધુઓ ઘાયલ થયા હતા. ઘાયલોમાં ત્રણની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. કુલ ૩૫ સાધુઓ ઉબોન રત્ચાથાની પ્રાંત તરફ આશરે ૨૬૦ કિલોમીટરની ધાર્મિક યાત્રા માટે નીકળ્યા હતા અને અકસ્માત તેમની યાત્રા શરૂ થયાના લગભગ ૩૦ મિનિટમાં જ બન્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ ટ્રકનો કાબૂ ગુમાવતા તે રસ્તા પરથી ઉતરી સાધુઓના જૂથ સાથે અથડાઈ હતી. ઘટનાસ્થળે પાંચ સાધુઓના મોત થયા હતા, જ્યારે ચાર સાધુઓએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા હતા. પોલીસે જણાવ્યું કે વાહન ચલાવનાર ૧૧ વર્ષનો છોકરો હાલ કસ્ટડીમાં છે. આરોપી સગીર હોવાથી બાળ સુરક્ષા અધિકારીઓની હાજરીમાં જ તેની પૂછપરછ કરવામાં આવશે. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે.

# રાજયમાં બારે મેઘ ખાંગા : માંગરોળમાં ૨૨ ઈંચ વરસાદ

અમદાવાદ, તા. ૦૩



ગુજરાતમાં છેલ્લા ૧૬ કલાકથી શરૂ રહેલા અવિરત વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. રાજ્યના ૧૬૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં ૮ તાલુકાઓમાં ૧૦ ઈંચથી વધુ પાણી ખાબક્યું છે. સૌથી ગંભીર સ્થિતિ જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં સર્જાઈ છે, જ્યાં ૨૨ ઈંચ વરસાદ પડતાં સીઝનનો ૭૦% વરસાદ ત્રણ જ દિવસમાં પૂરો થઈ ગયો છે. ભારે પૂરના કારણે જિલ્લાના ૨૨ ગામો સંપર્ક વિહોણા બન્યા છે, જ્યારે સ્ટેટના ૧૬ અને પંચાયતના ૨૭ રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી છે.બીજી તરફ, માળિયા હાટીનામાં ૧૪ ઈંચ વરસાદને કારણે મેઘલ નદીમાં ઘોડાપૂર આવ્યું છે અને તેના પર આવેલો ભાખરવડ ડેમ સંપૂર્ણ ઓવરફ્લો થયો છે. કેશોદમાં પણ ૧૩ ઈંચ વરસાદની સાથે સાબલી ડેમના દરવાજા ખોલાતાં મઘરવાડા ગામ પાણીમાં ગરકાવ થઈ ગયું છે. પરસ્થિતિને પહોંચી વળવા કેશોદમાં NDRF અને જૂનાગઢમાં SDRFની ટીમો તૈનાત કરવામાં આવી છે. નવસારી અને સુત્રાપાડા બેટમાં ફેરવાઈ ગયા છે અને લોકોના ઘરોમાં કમર સુધીના પાણી ભરાયા છે.દક્ષિણ ગુજરાતમાં પણ આકાશી આફત ઉતરી છે. ડાંગના વઘઈમાં ૧૪ ઈંચ, સુરતના અંબિકામાં ૧૪ ઈંચ અને તાપીના ડોલવણમાં ૧૨ ઈંચ વરસાદ નોંધાયો છે. વાલોડ ગામે પાણીના પ્રવાહમાં તણાવાથી બે મજૂરોના મોત થયા છે. ઉત્તર ગુજરાતના કડીમાં પણ રાત્રે બે કલાકમાં ૮ ઈંચ વરસાદ ખાબકતાં ૨૫થી વધુ સોસાયટીઓ જળબંબોળ થઈ ગઈ હતી.

# અમરેલીના વરસડા નજીક પેસેન્જર ભરેલી બોલેરો પલટી: એકનું મોત, ૮ ઈજાગ્રસ્ત

અમરેલી, તા. ૦૩



અમરેલીના વરસડા ગામ નજીક પેસેન્જરોથી ભરેલી એક બોલેરો ગાડી અચાનક પલટી મારી જતાં ગંભીર અકસ્માત સર્જાયો છે. આ કરુણ ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે, જ્યારે આઠથી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, બોલેરોમાં સવાર તમામ લોકો ભાવનગર જિલ્લાના રહેવાસી હતા. તેઓ જૂનાગઢ ગિરનારના દર્શન કરીને પરત ભાવનગર જઈ રહ્યા હતા, તે દરમિયાન વરસડા નજીક ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ગાડી પલટી ગઈ હતી. અકસ્માત થતાં જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે અમરેલીની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.







# ગુજરાત સરકારનો ઐતિહાસિક ખેડૂતલક્ષી નિર્ણય: વીજ ટાવર અને લાઈન વળતરમાં માતબર વધારો

## જંત્રીને બદલે હવે બજાર ભાવના બમણા દરે વળતર ચૂકવાશે



**અગાઉ ત્રણ તબક્કામાં ચુકવણા ના બદલે એકી સાથે શરૂઆતમાં જ ૧૦૦ % ચુકવણુ .......**



## ટાવર બેઝ વિસ્તારની ગણતરીમાં ચારેય બાજુ વધારાના એક મીટરનો ઉમેરો કરાયો, ૭૬૫ કે.વી. લાઇનમાં ૬૨૫ ચોમી ના બદલે ૭૨૯ ચોમી નુ વળતર ચુકવાશે



## જમીનની વાસ્તવિક બજાર કિંમત નક્કી કરવા 'માર્કેટ રેટ કમિટી' (MRC)ની રચના થશે: ખેડૂત પ્રતિનિધિઓને મળશે સ્થાન

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં માન મંત્રી શ્રી (કૃષિ) શ્રી જીતુભાઈ વાઘાણી, માન મંત્રી શ્રી (ઉર્જા) શ્રી ઋષિકેશભાઈ પટેલ અને માન રા.ક.મંત્રી શ્રી (ઉર્જા) શ્રી કૌશિકભાઈ વેકરીયાએ ખેડૂત સાથે ચર્ચા વિચારવિમર્શ અને પરામર્શ કરીને તેમજ ખેડૂતોના આર્થિક હિતને સર્વોપરી રાખીને એક મહત્વપૂર્ણ અને ઉદાહરણ નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈન, વીજ ટાવર ઉભા કરવા બદલ ખેડૂતોને આપવામાં આવતા વળતરમાં સરકારે વધારો જાહેર કર્યો છે. આ નિર્ણયથી રાજ્યના લાખો ખેડૂતોને તેમની જમીનનું યોગ્ય અને બજાર આધારિત વળતર મળશે.

ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજલાઈન માટે અત્યાર સુધી ખેતરમાં વીજ પોલ કે લાઈન નાખવા માટે ખેડૂતોને જંત્રીના બમણાદર (૨૦૦%) લેખે વળતર ચૂકવવામાં આવતું હતું. તે પરતવે વિવિધ ખેડૂત સંગઠનો તરફથી મળતી રજૂઆતો અન્વયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મોટો સુધારો કરીને જંત્રી આધારિત નહીં પરંતુ જમીનના પ્રવર્તમાન બજાર ભાવ (Market Rate)ના બમણા ભાવ ચૂકવવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

તે ઉપરાંત અત્યાર સુધી ખેતરમાં નંખાતા વીજ ટાવરના બેઝ (પાયા) વિસ્તારના વાસ્તવિક માપ પ્રમાણે જ વળતર અપાતું હતું. હવેથી ખેડૂતોના ફાયદા માટે ટાવરના બેઝ વિસ્તારની દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરીને વધુ વળતર ચૂકવવામાં આવશે. ઉદાહરણ તરીકે, ૭૬૫ કેવી લાઈનમાં અગાઉ ૬૨૫ ચોરસ મીટર લેખે વળતર અપાતું હતું, જેમાં હવેથી દરેક બાજુએ વધારાના ૧ મીટરની ગણતરી કરી તે મુજબ વધારીને ૭૨૯ મીટર લેખે ચુકવવામાં આવશે.

અગાઉ જમીન માલિકોને વળતર અંગે, ફાઉન્ડેશન તબક્કે ૪૦%, ઈરેક્શન વખતે ૪૦% તથા વાયર લગાડ્યા બાદ ૨૦ ટકા રકમ મુજબની ચુકવણી થતી હતી, તેના બદલે જમીન માલિકોને એક સાથે અને અગાઉથી વળતર ચૂકવવાનું નિર્ધારિત થયેલ છે.

ખેડૂતોની જમીનની વાસ્તવિક બજાર કિંમત તટસ્થ અને પારદર્શક રીતે નક્કી થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા એમ.આર.સી (Market Rate Committee ) ની રચના કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ સમિતિમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ અને ખેડૂતોના ઓથોરાઈઝડ માર્કેટ વેલ્યુઅરને પણ સ્થાન આપવામાં આવશે, જેથી ખેડૂતોને અન્યાય ન થાય. માર્કેટ રેટ નિર્ધારણ કરવાની સમિતિમાં કલેકટરશ્રી, જમીન માલિકોના પ્રતિનિધિ અને ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઈડરના પ્રતિનિધિ પણ હશે.

બીજી તરફ વીજ લાઈન રાઈટ ઓફ વે કોરીડોર માટે એમ.આર.સી દ્વારા નિર્ધારિત થયેલ બજાર કિંમતના આધારે વિસ્તાર મુજબ વળતર અપાશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં બજાર કિંમતના ૩૦%, નગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૪૫% અને મહાનગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૬૦% મુજબ વળતર આપવામાં આવશે.

રાજ્ય સરકારે આ નિર્ણયમાં ઉદારતા દાખલતા સ્પષ્ટ કર્યું છે કે, જે ખેડૂતોએ અગાઉ જૂના ભાવ પ્રમાણે વળતર મેળવી લીધું હોય, પરંતુ વીજ લાઈનનું કામ હજી પ્રગતિમાં (ચાલુ) હોય, તેવા તમામ ખેડૂતોને આ નીતિનો લાભ મળવા પાત્ર રહેશે.

**Example 1**

| | ગુજરાત સરકારના ઠરાવ તાઃ ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૩૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| | DLVC દર મુજબ (ટાવર માટે - રૂ. ૯૭૯ પ્રતિ ચો.મી.) (ROW કોરીડોર માટે - રૂ. ૭૬૧ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી (MRC) મુજબ (રૂ. ૧૮૫૩.૨૯ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૬.૧૧ લાખ (૬૨૫ ચો મી) | ૨૭.૦૨ લાખ (૭૨૯ ચો મી) |
| RoW કોરીડોર | ૧૨.૭૪ લાખ (૨૫% ROW) | ૩૭.૨૪ લાખ (૩૦% ROW) |

**Example 2**

| | ગુજરાત સરકારના ઠરાવ તાઃ ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૨૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| | DLVC દર મુજબ (ટાવર માટે ROW કોરીડોર માટે રૂ. ૩૮૨ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી (MRC) મુજબ (રૂ. ૧૨૩૫.૫૩ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૨.૩૮ લાખ (૬૨૫ ચો મી) | ૧૮.૦૦ લાખ (૭૨૯ ચો મી) |
| RoW કોરીડોર | ૬.૩૯ લાખ (૨૫% ROW) | ૨૪.૮૩ લાખ (૩૦% ROW) |